RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 408 Dt. 24-08-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### મનરેગા પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય : જૂની જનહિત અરજી કર્યો નિકાલ

## નવા રોજગાર કાયદાને પડકારો : સુપ્રીમ



નવી દિલ્હી, તા.૨૩

મનરેગા યોજના અંતર્ગત મજૂરોને સમયસર મજૂરી અને લઘુત્તમ વેતન ચૂકવવાના મામલે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ અને મોટો નિર્ણય લીધો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જ્યોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની પીઠે વર્ષ ૨૦૧૫માં દાખલ કરવામાં આવેલી એક જનહિત અરજીનો નિકાલ કર્યો છે, પરંતુ સાથે જ સ્પષ્ટ કર્યું છે કે અરજદારો નવા રોજગાર કાયદાને પડકારવા માટે સ્વતંત્ર છે.

સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન અદાલતે ધ્યાન દોર્યું હતું કે હવે જૂના મનરેગા કાયદાની જગ્યાએ નવો કાયદો અમલમાં આવી ચૂક્યો છે, તેથી વર્તમાન અરજીના માધ્યમથી નવા કાયદાની વૈધતા કે તેની જોગવાઈઓની વ્યાપક તપાસ કરવી યોગ્ય રહેશે નહીં. અદાલતે આ સાથે જ નવા 'વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) અધિનિયમ, ૨૦૨૫' ની જોગવાઈઓને લઈને અરજદારોને નવી અરજી દાખલ કરવાની છૂટ આપી છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૫ની જનહિત અરજીમાં મુખ્યત્વે બે મોટા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, જેમાં પહેલો મુદ્દો મનરેગા હેઠળ મજૂરીની ચૂકવણીમાં વિલંબ થાય ત્યારે મજૂરોને વળતર મળવું જોઈએ કે નહીં તે હતો, અને બીજો મુદ્દો મનરેગા હેઠળ નિર્ધારિત લઘુત્તમ મજૂરીના બદલે રાજ્યો દ્વારા સૂચિત લઘુત્તમ મજૂરી મળવાપાત્ર હોવાનો હતો. અરજદારો તરફથી વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે લઘુત્તમ મજૂરીનો સવાલ નવા કાયદા હેઠળ પણ એટલો જ પ્રાસંગિક છે, અને 'સ્વરાજ અભિયાન' મામલે અદાલત અગાઉ પણ સ્પષ્ટ કરી ચૂકી છે કે મજૂરોને રાજ્યો દ્વારા સૂચિત લઘુત્તમ મજૂરી મળવી જ જોઈએ.

આ સુનાવણી દરમિયાન ન્યાયાધીશ જ્યોયમાલ્યા બાગચી દ્વારા કામના અધિકારની બંધારણીય સ્થિતિ પર પણ એક મહત્વપૂર્ણ સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય બંધારણ હેઠળ કામનો અધિકાર કોઈ મૌલિક અધિકાર નથી, પરંતુ તે બંધારણના નીતિ-નિર્દેશક તત્વો હેઠળની એક લોકશાહી આકાંક્ષા છે. અદાલતે તેવું પણ અવલોકન કર્યું હતું કે જો અદાલત સામાજિક કલ્યાણ માટે નિર્ધારિત વળતર સ્તરને મૌલિક અધિકારની જેમ લાગુ કરવાનો આદેશ આપે, તો તેનાથી સરકારો પોતાની સામાજિક કલ્યાણ યોજનાઓને મર્યાદિત કરવા મજબૂર બની શકે છે.

## ઓપરેશન સિંદૂરમાં ધ્વસ્ત થયેલું જૈશનું હેડક્વાર્ટર ફરી ધમધમતું

### ૧૫ મહિનામાં આતંકવાદના અડ્ડા પર ૨૫ કરોડનો ખર્ચ કરીને ભવ્ય મસ્જિદ અને અન્ય આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાઈ

નવી દિલ્હી, તા.૨૩

ભારતીય વાયુસેના દ્વારા અગાઉ 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત પાકિસ્તાનના બહાવલપુરમાં આવેલા કુખ્યાત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના મુખ્ય મરકઝ સુભાનઅલ્લાહ હેડક્વાર્ટરને સંપૂર્ણપણે ધ્વસ્ત કરી દેવામાં આવ્યું હતું, પરંતુ હવે આ જ આતંકવાદનો અડ્ડો ફરીથી નવોસકોરો બનીને ધમધમતો થઈ ગયો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઈન્ડિયા ટુડેના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ ભગ્નાવશેષોમાંથી પુનઃ નિર્માણ પામેલા આ આતંકવાદી કેમ્પ પાછળ આશરે ૨૫ કરોડ પાકિસ્તાની રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે અને તેને ઊભો કરતા લગભગ ૧૫ મહિનાનો સમય લાગ્યો છે.



રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે મરકઝ સુભાનઅલ્લાહના અગાઉના હુમલામાં ક્ષતિગ્રસ્ત થયેલા ગુંબજોનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે, આખી ઈમારતમાં નવા આરસપહાણ અને પ્લાસ્ટર લગાવવામાં આવ્યા છે તેમજ નવો રંગરોગાન કરીને દિવાલો સહિતના સમગ્ર સંકુલનું ભવ્ય સમારકામ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫માં ૬-૭ મેની રાત્રે ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' અગાઉ ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ-કશ્મીરના પહેલગામ ખાતે થયેલા ભયાનક આતંકી હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા, જેના જવાબમાં ભારતે આ કડક કાર્યવાહી પાર પાડી હતી.

પાકિસ્તાન સરકાર દ્વારા જૈશ-એ-મોહમ્મદના આ મુખ્ય અડ્ડાના સમારકામ અને પુનર્નિર્માણ માટે ૨૫ કરોડ પાકિસ્તાની રૂપિયા ફાળવવામાં આવ્યા હોવાનું મનાય છે. આ સંકુલની અંદર આવેલા મદરસા અલ-સબીર અને જૈશના ઉચ્ચ કમાન્ડરોના રહેવા માટે ઉપયોગમાં લેવાતા વિસ્તારોનું પણ મોટા પાયે ફરીથી નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે આવેલા ૧૮ એકરમાં ફેલાયેલા આ વિશાળ સંકુલને 'ઉસ્માન-ઓ-અલી કેમ્પસ' તરીકે પણ ઓળખવામાં આવે છે, જ્યાં એક ભવ્ય મસ્જિદ અને અન્ય આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.


## બાંગ્લાદેશમાં ચાર હિંદુની હત્યા

### બે ઝડપાયા : હત્યા કરીને ૭ કલાક તે જ ઘરમાં રહ્યાની બંનેની કબુલાત

નવીદિલ્હી, તા.૨૩

બાંગ્લાદેશના રંગપુર જિલ્લામાં એક જ પરિવારના ચાર હિંદુ સભ્યોની નિર્દયતાથી કરવામાં આવેલી હત્યાના મામલામાં પોલીસે એક ચોંકાવનારો અને હચમચાવી દેતો ખુલાસો કર્યો છે. આ ભયાનક હત્યાકાંડ મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, જેમણે પૂછપરછ દરમિયાન ચોંકાવનારી કબૂલાત કરતા જણાવ્યું છે કે તેઓ નિર્દયતાથી ચાર હત્યાઓ કર્યા બાદ પણ ત્યાંથી તરત ભાગી છૂટ્યા નહોતા, પરંતુ આશરે ૬ થી ૭ કલાક સુધી તે જ ઘરમાં શાંતિથી રહ્યા હતા, નિરાંતે જમ્યા હતા અને ત્યારબાદ નહાઈને સાફ-સૂફ થઈને ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા બંને આરોપીઓએ આ ગુનાની તમામ વિગતો ખુલ્લી પાડી છે. આ કમકમાટીભર્યા હત્યાકાંડમાં જીવ ગુમાવનાર મૃતકોમાં નિવૃત્ત શાળાના શિક્ષક ગણપતિ ચક્રવર્તી, તેમના પત્ની પ્રીતિલતા ચક્રવર્તી, તેમની પુત્રી અગામી ચક્રવર્તી અને તેમનો ૧૨ વર્ષનો માસૂમ પુત્ર પ્રિયમ ચક્રવર્તીનો સમાવેશ થાય છે. આ સનસનાટીભર્યા કેસમાં પોલીસે બાજુના જ મકાનમાં રહેતા બે પિતરાઈ ભાઈઓ મુગ્ધો અને સિદ્ધાર્થની અટકાયત કરી છે અને તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે.



પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ બંને આરોપીઓ હત્યાના દિવસે રાત્રે બાજુના મકાનની છત પરથી કૂદીને ગણપતિ ચક્રવર્તીના ઘરની છત પર પહોંચ્યા હતા. છત પર પહોંચીને તેઓ 'યાબા' નામના અત્યંત ખતરનાક અને પ્રતિબંધિત માદક પદાર્થ (ડ્રગ્સ)નું સેવન કરી રહ્યા હતા. તે દરમિયાન ધાબા પર અચાનક અવાજ થતાં નિવૃત્ત શિક્ષક ગણપતિ ચક્રવર્તી કંઈક શંકાસ્પદ હોવાની આશંકાએ ઉપર તપાસ કરવા માટે ગયા હતા. ત્યાં અચાનક ગણપતિએ આ બંને શખ્સોને રંગે હાથે જોઈ લીધા હતા અને તેઓ તેમને ઓળખી જશે તેવા ડરથી આરોપીઓએ પળભરનો પણ વિચાર કર્યા વિના તેમના ગળામાં પહેરેલા ગમછાથી જ ગણપતિ ચક્રવર્તીનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પતિ ઉપર ગયા બાદ લાંબો સમય સુધી પાછા ન ફરતા ઝપાઝપી અને અડપૈયાનો અવાજ સાંભળીને ગણપતિ ચક્રવર્તીના પત્ની પ્રીતિલતા પણ ઉપરના માળે દોડી આવ્યા હતા. પત્નીને આવતી જોઈને ઘાતકી આરોપીઓએ તરત જ ગમછાની મદદથી સીડી પર જ પ્રીતિલતાનું પણ ગળું દબાવીને પતાવી દીધા હતા. આટલું પૂરતું ન હોય તેમ, આ નિર્દયીઓએ કોઈ સાક્ષી જીવતો ન બચે તે હેતુસર ગણપતિ ચક્રવર્તીની પુત્રી અગામી ચક્રવર્તી અને તેમના ૧૨ વર્ષના માસૂમ પુત્ર પ્રિયમ ચક્રવર્તીની પણ એક પછી એક ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી. આ સમગ્ર ઘટનાએ આખા વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી છે અને અસંખ્ય લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

### આર્મી ચીફ અસીમ મુનીર તેહરાન મુલાકાતે

## પાકિસ્તાન ફરી મધ્યસ્તા માટે બેચેન

નવી દિલ્હી, તા.૨૩

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે પાકિસ્તાન દ્વારા ફરી એકવાર મધ્યસ્તા કરાવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના સેના પ્રમુખ (ફિલ્ડ માર્શલ) અસીમ મુનીર દ્વિપક્ષીય અને ક્ષેત્રીય મુદ્દાઓ પર મહત્વની ચર્ચા કરવા માટે સોમવારે તેહરાનની મુલાકાતે જઈ રહ્યા છે. ઈરાનના વિદેશ મંત્રાલય દ્વારા રવિવારે આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાની સેના પ્રમુખની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે પાકિસ્તાન, અમેરિકા અને ઈરાન વચ્ચે અગાઉ અટકી પડેલી શાંતિ વાર્તાને ફરીથી બેઠી કરવા માટે નવા સિરેથી મધ્યસ્તાની કોશિશો કરી રહ્યું છે. પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી સૈન્ય હુમલાઓ શરૂ થવાને કારણે તણાવ વધુ વકર્યો છે, જેના લીધે ગત મહિને તે અંતરિમ શાંતિ સમજૂતી પણ તૂટી ગઈ હતી જેમાં પાકિસ્તાન મુખ્ય ગેરંટર બન્યું હતું.



ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બગાઈએ રવિવારે પત્રકારોને આ મુલાકાતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ પણ હશે જે ઈરાની નેતૃત્વ સાથે મહત્વની બેઠકો યોજશે. પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું કે આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાન અને પાકિસ્તાન વચ્ચેના દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવાનો તેમજ આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવામાં પાકિસ્તાનના પ્રયાસોને જાળવી રાખવાનો છે. જો કે, પાકિસ્તાન દ્વારા હજુ સુધી અસીમ મુનીરની આ તેહરાન મુલાકાત અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી.

બીજી તરફ, ઈરાનની વર્તમાન સ્થિતિ વિશે વાત કરતા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને એક કાર્યક્રમને સંબોધિત કરતા જણાવ્યું હતું કે ઈરાન હજુ પણ યુદ્ધની ગંભીર સ્થિતિમાં જીવી રહ્યું છે અને તે એકસાથે પૂર્ણ આર્થિક, સૈન્ય તથા સુરક્ષા યુદ્ધનો સામનો કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે અમેરિકાના કડક આર્થિક પ્રતિબંધો છતાં ઈરાન મક્કમતાથી અડગ રહ્યું છે અને એક અસમાન યુદ્ધનો સામનો કરી રહ્યું છે. રાષ્ટ્રપતિએ વધુમાં ઉમેર્યું હતું કે અમેરિકાએ ઈરાનને વેનેઝુએલામાં ફેરવવાની પેરવી કરી હતી પરંતુ તેઓ તેમાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છે અને દુશ્મનો ગમે તેટલા પ્રયાસો છતાં ઈરાનને નષ્ટ કરી શક્યા નથી.

### હોર્મુઝ સ્ટ્રેટ પર વધતો તણાવ : યુએસ-ઈરાન વચ્ચે ઘર્ષણ યથાવત્

# અધિકૃત જહાજો માટે ફી લાદતું ઈરાન

### ફી ઈરાની રિયાલ અથવા ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન દ્વારા ઈચ્છિત કોઈપણ અન્ય વૈશ્વિક ચલણમાં વસૂલવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૩

વૈશ્વિક સ્તરે ઊર્જા પરિવહનના અત્યંત મહત્વપૂર્ણ ગણાતા હોર્મુઝના જળમાર્ગને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ વધુ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાન દ્વારા રવિવારે સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ''અધિકૃત'' દેશોના જહાજોએ હવે તેહરાનને ફરજિયાતપણે સેવા ફી ચૂકવવી પડશે. આ નિર્ણયના અવકાશની વિગતો આપતા ઈરાનના રાષ્ટ્રીય સુરક્ષા આયોગના પ્રવક્તા ઇબ્રાહિમ રેઝાઈએ જણાવ્યું હતું કે આ ફીમાં દરિયાઈ, પર્યાવરણીય અને લોજિસ્ટિકલ જોગવાઈઓની વિશાળ શ્રેણીનો સમાવેશ કરવામાં આવશે. રાજ્ય પ્રસારણકર્તા ઈર્છ્ઈઇ ના અહેવાલ મુજબ, આ કલમ ૩ હેઠળ ''હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા અને પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે વ્યૂહાત્મક કાર્યવાહી'' યોજનાને મંજૂરી આપવામાં આવ્યા બાદ લેવામાં આવ્યો છે.

પ્રવક્તાએ વધુ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવા માટે અધિકૃત દેશોના જહાજો ઈરાન દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ જેવી કે નેવિગેશન, પર્યાવરણીય સુરક્ષા, ચોક્કસ શરતો હેઠળ ઈંધણ ભરવાની સુવિધા, વીમો અને અન્ય સલામતી સેવાઓ માટે નાણાકીય ચૂકવણી કરશે. આ ચુકવણી માળખાને અત્યંત લવચીક નાણાકીય શરતો સાથે ડિઝાઇન કરવામાં આવ્યું છે, જેના હેઠળ આ ફી ઈરાની રિયાલ અથવા ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન દ્વારા ઈચ્છિત કોઈપણ અન્ય વૈશ્વિક ચલણમાં વસૂલવામાં આવશે.

બીજી તરફ, આ અગાઉ ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ



(SNSC) ના સચિવ મોહસેન રેઝાઈએ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી યુનાઇટેડ સ્ટેટ્સ તેની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ નહીં કરે અને તેહરાન તથા વોશિંગ્ટન વચ્ચે વધતા તણાવ વચ્ચે પોતાનું વર્તન નહીં બદલે ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ બંધ જ રહેશે અને ફરીથી ખુલશે નહીં. તેમણે આરોપ લગાવ્યો હતો કે અમેરિકાએ લશ્કરી વિકલ્પો છોડી દીધા છે અને હવે તેહરાન સામે આર્થિક નાકાબંધી તથા દબાણ પર આધાર રાખી રહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ખાતરી આપી હતી કે આર્થિક નાકાબંધી ઈરાનને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કરી દેશે.

આ તમામ ઘટનાક્રમ વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને ''નવા યુએસ ટેરિટરી'' તરીકે દર્શાવતી એક છબી સોશિયલ મીડિયા પર શેર કરીને આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર અમેરિકી નિયંત્રણ અને પોતાના દાવાને વધુ મજબૂત બનાવ્યો છે. અગાઉ ૧૪ ઓગસ્ટના રોજ લોંગ આઈલેન્ડ પર પોલીસ એકેડેમીના મેળાવડાને સંબોધતા ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ટૂંક સમયમાં જ તેઓ હોર્મુઝ સ્ટ્રેટને યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રદેશ જાહેર કરશે. આમ, હોર્મુઝની સામુદ્રધુની વર્તમાન સમયમાં ચાલુ સંઘર્ષનું મુખ્ય કેન્દ્રબિંદુ બની રહી છે, જ્યાં એક તરફ તેહરાને આ જળમાર્ગ બંધ હોવાનું જણાવી મંજૂરી વગરના ટેન્કર ટ્રાફિક સામે કડક વળતા પગલાં લેવાની ચેતવણી ઉચ્ચારી છે, તો બીજી તરફ શિપિંગ ક્ષેત્રે સર્જાયેલા આ વિક્ષેપોએ આંતરરાષ્ટ્રીય ઊર્જા પરિવહનને ગંભીર અસર પહોંચાડી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે અન્ય વિદેશી સરકારોને તેહરાનને કોઈપણ પ્રકારની જીવનરેખા પૂરી પાડવા સામે કડક ચેતવણી આપી છે અને તે જ સમયે ઈરાને વોશિંગ્ટનની યોગ્ય સમજૂતી શરતો પર સંમત થવું પડશે તેમ જાળવી રાખ્યું છે. આ ગતિરોધ વચ્ચે ઈરાની અધિકારીઓએ તેમના મક્કમ અને આક્રમક વલણની સાથે-સાથે વાટાઘાટો માટે પણ દરવાજા ખુલ્લા રાખવાનો સંકેત આપ્યો છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને આ ગતિરોધને ઉકેલવા માટે રાજદ્વારી જોડાણની હિમાયત કરી છે અને ભાર મૂક્યો છે કે તેહરાને પોતાની રાષ્ટ્રીય શક્તિ તથા ગૌરવનું પૂરતું રક્ષણ કરીને આ સંઘર્ષનો કાયમી અંત લાવવાનું મુખ્ય લક્ષ્ય રાખવું જોઈએ. આમ, રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને નવો યુએસ પ્રદેશ ગણાવવાની નીતિ અને ઈરાન દ્વારા જળમાર્ગ બંધ રાખવાના અડગ વલણને કારણે આ વ્યૂહાત્મક પરિવહન માર્ગ આગામી દિવસોમાં વધુ ગંભીર સંકટ તરફ ધકેલાઈ રહ્યો છે.

# ખાંડના વધતા વૈશ્વિક-સ્થાનિક ભાવ

## ઈથેનોલ મિશ્રણ, હવામાનની વિપરિત અસર અને બ્રાઝિલનું પરિબળ

નવી દિલ્હી, તા.૨૩

ખાંડના વધતા ભાવના કારણે ફક્ત ભારત જ નહીં, પરંતુ વિશ્વભરના ઘણા દેશો ચિંતામાં મુકાયા છે. યુએસ કોમોડિટી માર્કેટથી લઈને એશિયા સુધી, ખાંડના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. ગત ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય ખાંડનો ભાવ ૪૭૪ ડોલર પ્રતિ ટન હતો, જે વધીને ૨૦ ઓગસ્ટ સુધીમાં ૫૫૨ ડોલર પ્રતિ ટન થઈ ગયો છે. આનો અર્થ એ થયો કે બે મહિનાથી ઓછા સમયમાં વૈશ્વિક સ્તરે ભાવમાં ૧૬ ટકાથી વધુનો વધારો નોંધાયો છે.



યુએસ ફ્યુચર્સ માર્કેટમાં કાચી ખાંડ એક મહિનામાં ૧૯ ટકા વધુ મોંઘી થઈ ગઈ છે અને બ્રાઝિલમાં પણ ખાંડના ભાવ સતત વધી રહ્યા છે. ભારતમાં પણ આ જ ખાંડ જે આ મહિનાની શરૂઆતમાં દિલ્હીમાં ૫૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામમાં મળતી હતી, તે હવે ૬૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવને વટાવી ગઈ છે. ખાંડના ભાવમાં આવેલા આ બેફામ વધારાનું મુખ્ય કારણ હવામાન અને રોગોની ગંભીર અસર છે, જેના કારણે વિશ્વના મુખ્ય ઉત્પાદક દેશોમાં શેરડીનું ઉત્પાદન ઘટ્યું છે. આ દરમિયાન, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થવાને કારણે શેરડીને મોટા પાયે ઈથેનોલ ઉત્પાદન તરફ વાળવાથી આગમાં ઘી હોમવા જેવું કામ થયું છે.

વૈશ્વિક કોમોડિટી બજારોમાં ખાંડના પુરવઠાની અછતના ભયથી ભાવને મજબૂત ટેકો મળ્યો છે. યુએસ બજારમાં ખાંડના વાયદા ૧૭.૬૧ સેન્ટ પ્રતિ પાઉન્ડને વટાવી ગયા છે, જે મે ૨૦૨૫ પછીનો સૌથી ઉચ્ચતમ સ્તર છે અને ગયા વર્ષે જ ભાવમાં ૬.૮૬ ટકાનો વધારો થયો હતો. બજાર વિશ્લેષકો તો આગામી ૨૦૨૬-૨૭ સીઝનમાં વૈશ્વિક ખાંડની તીવ્ર અછતની આગાહી કરી રહ્યા છે, અને શેરડી તથા બીટના વાવેતરમાં સતત ઘટાડો થવાને કારણે ૨૦૨૭-૨૮માં આ કટોકટી વધુ ખરાબ થઈ શકે છે. વૈશ્વિક સપ્લાય ચેઈન માટે મુખ્ય કેન્દ્ર સમાન એવું બ્રાઝિલ વિશ્વના શેરડીનું ૨૪ ટકા ઉત્પાદન કરે છે.

હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે બ્રાઝિલે શેરડીને ખાંડમાંથી ઈથેનોલ ઉત્પાદન તરફ મોટા પ્રમાણમાં વાળી દીધી છે. બ્રાઝિલ સરકારે ફરજિયાત ઈથેનોલ મિશ્રણ દર વધારીને ૩૨ ટકા કરી દીધો છે, જે એક વર્ષ પહેલાં ૨૭ ટકા હતો. બ્રાઝિલની નેશનલ સપ્લાય કંપની (ઈઘગઅઇ) અનુસાર, આ પગલાથી દેશમાં ખાંડનું ઉત્પાદન ૩ ટકા ઘટી શકે છે અને કુલ ઉત્પાદન લગભગ ૪૩ મિલિયન ટન ઓછું થવાનો અંદાજ છે. બ્રાઝિલના ઉત્પાદનમાં ઘટેલા આ આંકડાઓએ વિશ્વભરમાં ખાંડના ભાવને ભડકાવ્યા છે.

આ સાથે જ બદલાતા હવામાનની પેટર્ન અને સક્રિય અલ નીનોએ શેરડીના વાવેતરને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. વિલંબિત વરસાદ અને વધતા તાપમાને મધ્ય અને દક્ષિણ બ્રાઝિલમાં પાકને ભારે અસર કરી છે, જ્યારે થાઈલેન્ડમાં પણ દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ વિકસી રહી છે, જે વિશ્વમાં શેરડીનું ૬ ટકા ઉત્પાદન કરે છે. ભારત પણ વૈશ્વિક સ્તરે શેરડીનું ૧૬ ટકા ઉત્પાદન ધરાવે છે, પરંતુ ચાલુ સિઝનમાં અહીં પણ ઉત્પાદન ઘટીને આશરે ૩૦૬ લાખ મેટ્રિક ટન (કખઝ) થવાનો અંદાજ છે. લાલ સડો અને સ્ટેમ બોરર જેવા નુકસાનકારક રોગો, અકાળે પડેલો ભારે વરસાદ અને ખેતરોમાં પાણી ભરાઈ રહેવાની સમસ્યાએ ભારતમાં શેરડીના પાકને ભારે નુકસાન પહોંચાડ્યું છે. યુરોપિયન યુનિયન (ઊઞ) પણ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યું છે. આ તમામ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક દબાણોએ સંયુક્ત રીતે સમગ્ર વિશ્વમાં 'ખાંડની તીવ્ર અછત'નું ગંભીર સંકટ ઊભું કર્યું છે, જેના કારણે સામાન્ય જનતા પર મોંઘવારીનો બોજ સતત વધી રહ્યો છે.

### ૫૦,૦૦૦ ઉત્પાદનો જપ્ત કર્યા : અનેક નિયમોનું ઉલંઘન

# FSSAIની આકરી કાર્યવાહી ૧૫૦ થી વધુને નોટિસ

નવીદિલ્હી, તા. ૨૩

૨૦૨૬નું વર્ષ દેશના ખાદ્ય સુરક્ષા નિયમનકાર, ફૂડ સેફટી ઓફ ઈન્ડિયા માટે નોંધપાત્ર અને સુસંગત પગલાં દ્વારા ચિહ્નિત થયેલ છે. મે થી ઓગસ્ટ સુધી, દર મહિને એક મોટી ખાદ્ય અથવા પીણા કંપની સામે કાર્યવાહી કરવામાં આવી. ક્યારેક ખોટા લેબલ દાવાઓ માટે, ક્યારેક અનધિકૃત ઘટકો અથવા કપટપૂર્ણ લેબલિંગ માટે. ૨૨ ઓગસ્ટના રોજ, ફૂડ સેફટી ઓફ ઈન્ડિયા એ અહેવાલ આપ્યો કે તેણે તાજેતરના મહિનાઓમાં ૧૫૦ થી વધુ નોટિસ જારી કરી છે, જેમાં નેસ્લે ઈન્ડિયા, પેપ્સિકો, કોકા-કોલા ઈન્ડિયા, એબોટ ઈન્ડિયા, રેડ બુલ, ડેનોન ઈન્ડિયા, મોન્સ્ટર એનર્જી, હેલ એનર્જી, મોન્ડેલેઝ ઈન્ડિયા, ડિયાજીઓ, પેર્નોડ રિકાર્ડ, ફેરેરો ઈન્ડિયા અને કેનવ્યૂ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.




નિયમનકારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ નોટિસ ભ્રામક જાહેરાતો, ખોટા દાવાઓ અને લેબલિંગ નિયમોના ઉલ્લંઘન માટે જારી કરવામાં આવી છે. આ એક અલગ ઘટના નથી; તેના બદલે, તે તાજેતરના મહિનાઓમાં ઘણા કિસ્સાઓમાંનો એક છે જ્યાં ફૂડ સેફટી ઓફ ઈન્ડિયા એ કડક પગલાં લીધા છે. ચાલો તે પગલાં વિશે વિગતવાર જાણીએ અને સમજવાનો પ્રયાસ કરીએ કે કઈ કંપનીઓ ખોટી કરી રહી છે જેના કારણે આ પગલાં લેવામાં આવી રહ્યા છે.

ફૂડ સેફટી ઓફ ઈન્ડિયાના પશ્ચિમ પ્રાદેશિક કાર્યાલયે ગુજરાતના વડોદરાના સાવલીમાં એક ઉત્પાદન એકમમાંથી આશરે ₹૩૧.૬૧ લાખનો આલ્કલાઈન પાણીનો સ્ટોક જપ્ત કર્યો. પ્રયોગશાળા પરીક્ષણોમાં પાણીમાં ફુલવિક એસિડ હોવાનું બહાર આવ્યું, જે પેકેજ્ડ પીવાના પાણીમાં માન્ય ઘટક નથી. પેકેજિંગમાં ઉત્પાદનનું નામ અને ઘટકની માહિતીનો પણ અભાવ હતો, અને બોટલોમાં કાળા કણો મળી આવ્યા હતા. ફૂડ સેફ્ટી કનેક્ટ પોર્ટલ પર મળેલી ગ્રાહક ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. દક્ષિણપશ્ચિમ દિલ્હીના ઓખલા ઔદ્યોગિક ક્ષેત્રમાં વેસ્ટએન્ડ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ પર દરોડામાં, ફૂડ સેફટી ઓફ ઈન્ડિયાને વ્યાપકપણે છેતરપિંડી રિલેબલિંગ મળી આવ્યું. કંપની ઉત્પાદન તારીખ, સમાપ્તિ તારીખ અને ઉત્પાદનોની બેચ નંબર ભૂંસી રહી હતી અને પછી તેને ફરીથી છાપી રહી હતી. ઘટનાસ્થળેથી ૫૦,૦૦૦ થી વધુ ચેડા થયેલા ફૂડ પેક, રાસાયણિક સોલવન્ટ અને પ્રિન્ટિંગ મશીનો મળી આવ્યા હતા. ઓપરેટર સામે FIR દાખલ કરવામાં આવી હતી.

ફૂડ સેફટી ઓફ ઈન્ડિયાએ સ્ટિંગ, રેડ બુલ, મોન્સ્ટર બેવરેજીસ, કેમ્પા એનર્જી અને હેલ એનર્જી જેવી કંપનીઓને નોટિસ ફટકારી હતી. નિયમનકારે જણાવ્યું હતું કે ભારતમાં ''એનર્જી ડ્રિંક'' નામની કોઈ સત્તાવાર શ્રેણી નથી. ''શરીર અને મનને શક્તિ આપે છે'' અને ''સામાન્ય નબળાઈમાં મદદ કરે છે'' જેવા દાવાઓ પણ ગેરમાર્ગે દોરનારા હોવાનું જણાયું હતું. કંપનીઓને તેમના લેબલ બદલવા માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. ફૂડ સેફટી ઓફ ઈન્ડિયાએ ઘણી કંપનીઓને નોટિસ ફટકારી હતી, જેમાં પેકેજિંગ અને જાહેરાતો પર ''સ્વસ્થ,'' ''કુદરતી,'' ''તાજા,'' ''૧૦૦%,'' અને ''કોઈ ખાંડ ઉમેરાઈ નથી'' જેવા દાવાઓના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા. આ પછી, એમવે ઈન્ડિયા, ઈમામી અને બોન બિસ્કિટ સહિત છ કંપનીઓએ તેમના ઉત્પાદનોમાંથી આવા દાવાઓ દૂર કર્યા અથવા તેમાં ફેરફાર કર્યા.

# દિવ્યાંગ અધિકારી-કર્મીઓને બઢતીમાં અનામત માટે સમિતિ ઘડશે નીતિ

### પાંચ સભ્યોની ઉચ્ચ કક્ષાની સમિતિ કરશે સર્વગ્રાહી અભ્યાસ અદાલતી ચુકાદાઓના આધારે નવું આયોજન થશે



રાજકોટ તા. ૨૩

પોતાના અધિકારીઓ-કર્મચારીઓને કર્મયોગી ગણતી રાજ્ય સરકાર દ્વારા પોતાના દિવ્યાંગ કર્મયોગીઓને બઢતીમાં અનામતનો લાભ આપવા અંગે યોગ્ય નીતિ નક્કી કરવા માટે પાંચ સભ્યોની ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના દિવ્યાંગ કર્મચારીઓમાં બઢતીની તકો અને કારકિર્દીમાં સમાન અવસર અંગે નવી આશા જાગી છે.

રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી આ સમિતિના અધ્યક્ષ તરીકે મુખ્ય સચિવને જવાબદારી સોંપવામાં આવી છે; જ્યારે સામાન્ય વહીવટ વિભાગ (જીએડી), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત દિવ્યાંગ વ્યક્તિઓ માટેની કચેરીના કમિશનરને આ સમિતિમાં સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આ સમિતિ વિવિધ પાસાંઓનો સર્વગ્રાહી અભ્યાસ કરીને ભલામણ કરે, તેવો સર્વગ્રાહી અભિગમ સરકાર દ્વારા અપનાવવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) દ્વારા તાજેતરમાં જ એક ઠરાવ કરી રચવામાં આવેલી આ સમિતિ રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓને બઢતીમાં અનામત આપવા અંગે પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ, ભારત સરકારની સૂચનાઓ તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા સંબંધિત ચુકાદાઓનો સઘન અભ્યાસ કરશે. આ ઉપરાંત સમિતિ દેશના અન્ય રાજ્ય સરકારોની દિવ્યાંગ કર્મચારીઓને બઢતીમાં અનામત આપવા અંગેની નીતિ અને જોગવાઈઓનો પણ તુલનાત્મક અભ્યાસ કરશે.

ખાસ કરીને દિવ્યાંગ અધિકારીઓ અને કર્મચારીઓને બઢતીમાં અનામત આપવા માટે યોગ્ય નીતિ શું હોઈ શકે અને તેના અમલ માટે કયા પગલાં જરૂરી રહેશે; તે અંગે સમિતિ વિગતવાર ભલામણો રજૂ કરશે. અન્ય રાજ્યોની નીતિઓ, કાયદાકીય જોગવાઈઓ અને અદાલતી ચુકાદાઓના આધારે બઢતીમાં અનામતની ટકાવારી સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે અભ્યાસ કરવામાં આવશે. સમિતિને જરૂરી જણાય ત્યારે કોઈપણ વિભાગ કે કચેરી પાસેથી જરૂરી માહિતી અને અભિપ્રાય મેળવવાની સત્તા પણ આપવામાં આવી છે. સમિતિની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવતી સમયમર્યાદા મુજબ આગળ વધશે.

દિવ્યાંગ કર્મયોગીઓના સશક્તિકરણ અને સમાન તકના હેતુને વધુ મજબૂત બનાવતી આ પહેલ ગુજરાત સરકારની સમાવેશી અને સંવેદનશીલ વહીવટી વિચારસરણીને ઉજાગર કરે છે. હવે સમિતિના અભ્યાસ અને ભલામણો બાદ બઢતીમાં અનામત અંગેની યોગ્ય નીતિ માટે મહત્વપૂર્ણ નિર્ણયનો માર્ગ વધુ સ્પષ્ટ બનશે.

### રાજ્યભરમાંથી પુરુષોની ૮ અને મહિલાઓની ૬ ટીમો વચ્ચે ખરાખરીનો જંગ

# ડીજીપી કપ હેન્ડબોલ સ્પર્ધાનો શુભારંભ

## પોલીસ બેડામાં શિસ્ત, શારીરિક ફિટનેસ અને ટીમ સ્પિરિટ મજબૂત કરવા પ્રથમ વખત રાજકોટ ખાતે આયોજન; ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકે સ્પર્ધા ખુલ્લી મૂકી ખેલાડીઓને ખેલદિલીપૂર્વક ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા આહ્વાન કર્યું











રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેર પોલીસ દ્વારા પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફિટનેસ અને ટીમ સ્પિરિટની ભાવના વધુ સુદ્રઢ થાય તેવા આશયથી 'ડીજીપી કપ હેન્ડબોલ સ્પર્ધા ૨૦૨૬-૨૭'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડક્વાર્ટરના ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૨ ઓગસ્ટથી ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ત્રિદિવસીય ટુર્નામેન્ટનું આયોજન હાથ ધરાયું છે. આ હરીફાઈમાં ગુજરાત રાજ્ય પોલીસ દળના વિવિધ એકમો અને શહેરોમાંથી આવેલી પુરુષોની ૮ અને મહિલાઓની ૬ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો છે.

સ્પર્ધાની ગ્રાન્ડ ઓપનિંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકે દીપ પ્રાગટ્ય અને સંબોધન સાથે ટુર્નામેન્ટને ખુલ્લી જાહેર કરી હતી. તેમણે રાજ્યના અલગ-અલગ યુનિટોમાંથી આવેલી તમામ ટીમોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓમાં શારીરિક ક્ષમતા, એકતા અને શિસ્ત જળવાઈ રહે તે માટે રમતગમત અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. તેમણે તમામ ખેલાડીઓને પૂરી મહેનત અને ખેલદિલીની ભાવનાથી રમીને ગુજરાત પોલીસનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે તેમણે ઉમેર્યું હતું કે રાજકોટ ખાતે પ્રથમ વખત આ હેન્ડબોલ ક્લસ્ટરનું આયોજન થયું છે અને હેડક્વાર્ટર ખાતે શૂટિંગ રેન્જ, પિકલબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ અને ફિટનેસ સેન્ટર જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ ઉદઘાટન સમારોહમાં ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજા, ક્રાઈમ ડીસીપી જગદીશ બાંગરવા, ઝોન-૧ ડીસીપી હેતલ પટેલ સહિત તમામ એસીપી અને પોલીસ ઈન્સ્પેક્ટરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે નોડલ અધિકારી અને મદદનીશ પોલીસ કમિશ્નર એમ.આઈ. પઠાણના નેતૃત્વ હેઠળ રાજકોટ પોલીસની ટીમ સતત પ્રયત્નશીલ છે.

# ભાવનગર લઠ્ઠાકાંડમાં ખૂલ્યું દિલ્હી કનેક્શન

## ગુજરાત બહાર છેક દિલ્હી સુધી કેમિકલ સપ્લાયની ચેન વિસ્તરેલી હોવાનો ખુલાસો : ૧૩ મોત

રાજકોટ, તા. ૨૩

ભાવનગર પંથકમાં સર્જાયેલા ગોઝારા લઠ્ઠાકાંડે સમગ્ર ગુજરાતને ધ્રુજાવી દીધું છે. કાળિયાબીડના સાગવાડી વિસ્તારમાં રહેતા ભાર્ગવભાઈ ઉપાધ્યાયનું સારવાર દરમિયાન નીપજેલું કરૂણ અવસાન આ દુર્ઘટનાનું ૧૩મું બલિદાન બન્યું છે. હાલમાં પણ ભાવનગરની સિવિલ તથા ખાનગી હોસ્પિટલોમાં ૪થી વધુ દર્દીઓ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે, જ્યાં તબીબી ટીમ દ્વારા સઘન સારવાર આપવામાં આવી રહી છે. આ કરુણાંતિકાને પગલે સ્થાનિક રહીશ અને સમગ્ર રાજ્યમાં ભારે આક્રોશનો માહોલ છે.

પોલીસ અને તપાસ એજન્સીઓની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આ જીવલેણ લઠ્ઠાકાંડ માટે વપરાયેલું અતિ ઝેરી 'મિથેનોલ' કેમિકલ માત્ર સ્થાનિક સ્તરેથી જ નહીં, પરંતુ છેક દેશની રાજધાની દિલ્હીથી ગેરકાયદેસર રીતે મંગાવવામાં આવ્યું હતું. આંતરરાજ્ય કેમિકલ નેટવર્કનો પર્દાફાશ થતાં તંત્ર હરકતમાં આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સ્ટેટ મોનિટરિંગ સેલ (જીઁઝ્ર)ના વડા અને ઈંઁજી ગગનદીપ ગંભીર પોતે ભાવનગર પહોંચ્યા હતા અને તપાસનો દોર પોતાના હાથમાં લીધો છે. મુખ્ય આરોપી રઈસ અંસારીની કડક પૂછપરછમાં દિલ્હી કનેક્શન છતું થતાં હવે ગુજરાત પોલીસની ટીમો અન્ય આરોપીઓ અને સાક્ષીઓની શોધખોળ માટે રાજ્ય બહાર પણ ધામા નાખી રહી છે.

આ સમગ્ર કાંડમાં પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૨૧ લોકો સામે નામજોગ ગુનો નોંધ્યો છે. જેમાંથી અત્યાર સુધીમાં ૧૩ જેટલા મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે અને બાકીના ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવી તપાસ ધમધમાવવામાં આવી રહી છે. એસએમસીની ટીમે નકલી દારૂકાંડના મુખ્ય આરોપી 'રઈશ'ને પોલીસ બંદોબસ્ત વચ્ચે ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તેના ૩૧મી ઓગસ્ટ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. બીજી તરફ, એસએમસી દ્વારા કરવામાં આવનાર તીક્ષ્ણ તપાસમાં આ ઝેરી દારૂ ક્યાંથી આવ્યો, કોના છત્રછાયા હેઠળ આ કાળો કારોબાર ફાલ્યો-ફૂલ્યો અને આ નકલી દારૂકાંડ પાછળ બીજા કયા મોટા માથાંઓ સંકળાયેલા છે તેવા અનેક ચોંકાવનારા ઘટસ્ફોટઓ થવાની પૂર્ણ શક્યતાઓ સેવાઈ રહી છે.




### ૧૩ ભોગ અને હોસ્પિટલમાં જંગ

ભાવનગરના કાળિયાબીડ સ્થિત સાગવાડીના ભાર્ગવભાઈ ઉપાધ્યાયનું સારવાર દરમિયાન મોત થતાં મૃત્યુઆંક ૧૩ પર પહોંચ્યો છે. ૪થી વધુ લોકોની હાલત નાજુક હોવાનું માલુમ પડ્યું છે. સિવિલ અને ખાનગી હોસ્પિટલોમાં ખાસ તબીબી દેખરેખ હેઠળ સારવાર ચાલુ છે. ઝેરી દારૂના કારાબારે નિર્દોષ લોકોનો ભોગ લેતાં સમગ્ર પંથક અને રાજ્યભરમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

### જીઁઝ્ર મેદાનમાં : ઉચ્ચ સ્તરીય તપાસ

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ના વડા અને ઈંઁજી ગગનદીપ ગંભીર તાબડતોબ ભાવનગર દોડી આવ્યા છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી તપાસની દિશા અને સમીક્ષા હાથ ધરાઈ છે. કેમિકલ સપ્લાય ચેન સાથે જોડાયેલા અન્ય શખ્સો અને સાક્ષીઓને પકડવા શોધખોળ તેજ બનાવવામાં આવી છે.

### રાજ્યભરમાં મીથેનોલના વિતરકો પર તપાસનો ધમધમાટ

ભાવનગરમાં લઠ્ઠાકાંડ મીથેનોલના કારણે થયો હોવાનું સામે આવ્યા બાદ પોલીસ, નશાબંધી અને આબકારી વિભાગે સતર્કતા વધારી દીધી છે: મીથેનોલના ઔદ્યોગિક વપરાશ અને વિતરણ અંગે સમગ્ર રાજ્યમાં દરોડા અને તપાસ શરૂ કરાઈ છે. ગુજરાતમાં મીથેનોલના આશરે ૧૫૦૦ જેટલા લાઈસન્સ ધરાવતા વિતરકો છે. આ તમામ વિતરકોના લાઈસન્સ, આવક-જાવકનો જથ્થો અને વર્તમાન સ્ટોકની કડક ચકાસણી કરવામાં આવી રહી છે. ભવિષ્યમાં આવી કોઈ ઘટના કે લઠ્ઠાકાંડ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા સાર્વત્રિક નજર રાખવામાં આવી રહી છે.

### દારૂમાં મિથેનોલ એટલે સીધું જીવલેણ ઝેર

પીવાના સામાન્ય દારૂમાં એથનોલ હોય છે, પરંતુ તેના બદલે કે તેની સાથે મિથેનોલ જેવા અયોગ્ય ઔદ્યોગિક આલ્કોહોલનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે અત્યંત ઘાતક અને જીવલેણ સાબિત થાય છે. મિથેનોલ શરીરમાં પ્રવેશ્યા બાદ અત્યંત ઝેરી પદાર્થમાં પરિવર્તિત થઈ જાય છે, જે સીધી અસર માનવ મગજ અને ચેતાતંત્ર પર કરે છે. આ ઝેરના કારણે વ્યક્તિ પોતાની દ્રષ્ટિ ગુમાવી બેસે છે અને સ્થિતિ વધુ બિગડતાં દર્દી કોમામાં સરી પડે છે અથવા તેનું કરૂણ મોત નીપજે છે. વર્ષ ૨૦૨૨ના બોટાદ-ધંધુકાના ભયાનક લઠ્ઠાકાંડમાં પણ લોકો દારૂ સમજીને જે પ્રવાહી પી ગયા હતા, તેમાં તપાસ દરમિયાન ૯૮.૭૧% થી ૯૮.૯૯% સુધી માત્ર શુદ્ધ મિથેનોલ જ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

# મનપામાં ૧૮૪૩ જગ્યાઓ ખાલી!

## ક્લાસ-૧ અને ૨ ના ૫૦ મહત્વના પદો અને ૧૯ કી-પોસ્ટ ઈન્ચાર્જના હવાલે થતા વહીવટ કથળ્યાના આક્ષેપો




રાજકોટ, તા. ૨૩

રાજકોટને સ્માર્ટ સિટી બનાવવાની વાતો વચ્ચે રાજકોટ મહાનગરપાલિકા (RMC) તંત્ર સ્ટાફની ગંભીર અછત અને ખોરવાયેલા વહીવટ સામે ઝઝૂમી રહ્યું છે. સમગ્ર મહાનગરપાલિકામાં કુલ ૪૩૭૬ મંજૂર થયેલા મહેકમ સામે ૧૮૪૩ જેટલી જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. રાજ્ય સરકાર તરફથી નવી ભરતીની મંજૂરી મેળવવામાં થતા વિલંબને કારણે મનપાના અતિ સંવેદનશીલ અને મહત્વના ગણાતા ટાઉન પ્લાનર, સિટી ઈજનેર, ચીફ ફાયર ઓફિસર તેમજ પર્યાવરણ ઈજનેર (સફાઈ) જેવા ટોચના પદો પણ કાયમી અધિકારીઓ વિના માત્ર ઈન્ચાર્જના હવાલે ચાલી રહ્યા છે.

મનપાની ૪૦ થી વધુ શાખાઓમાં સ્ટાફના અભાવે કામગીરી ખાડે ગઈ છે. વર્ગ-૧ ની કુલ ૩૫ મંજૂર જગ્યાઓમાંથી ૨૪ ખાલી છે અને માત્ર ૧૧ ભરાયેલી છે, જ્યારે વર્ગ-૨ ની ૧૪૯ જગ્યાઓમાંથી ૨૯ ખાલી અને ૧૨૦ ભરાયેલી છે. આ જ રીતે વર્ગ-૩ માં ૨૭૮૮ મંજૂર જગ્યાઓ સામે ૮૯૧ જગ્યાઓ ખાલી (૧૮૯૭ ભરાયેલી) અને વર્ગ-૪ માં ૧૪૦૪ મંજૂર જગ્યાઓ સામે ૮૯૯ જગ્યાઓ ખાલી (૫૦૫ ભરાયેલી) છે. આમ, વર્ગ ૧ થી ૪ મળીને કુલ મંજૂર ૪૩૭૬ જગ્યાઓ પૈકી હાલ માત્ર ૨૫૩૩ કર્મચારીઓ જ ફરજ પર છે.

મનપામાં અધિકારીઓની અછતને કારણે વર્ગ-૧ ની મહત્વની ૧૭ જગ્યાઓ વધારાના ચાર્જ કે ઈન્ચાર્જથી ચલાવવામાં આવી રહી છે. જેમાં ટાઉન પ્લાનિંગ ઓફિસર-૧, નાયબ મ્યુનિસિપલ કમિશનર-૧, સિટી ઈજનેર સ્પેશ્યલ-૨, એડિશનલ સિટી એન્જિનિયર (સિવિલ)-૨, એડિશનલ સિટી ઈજનેર (ઈલેક્ટ્રિક અને મિકેનિક)-૧, ડાયરેક્ટર આઈ.ટી.-૧, ચીફ ફાયર ઓફિસર-૧, ડાયરેક્ટર પે એન્ડ પાર્કસ-૧, પર્યાવરણ ઈજનેર-૧ અને આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર-૬ નો સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ગ-૨ માં નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) અને ડેપ્યુટી ડાયરેક્ટર (આઈટી) ની જગ્યાઓ પર પણ ઈન્ચાર્જ મુકાયા છે. વર્ગ-૧ ની ૭ જગ્યાઓ સિલેક્શન કમિટી દ્વારા નામંજૂર કરાઈ હતી અને વર્ગ-૨ ની ૯ મેનેજર કક્ષાની જગ્યાઓ કોર્ટ કેસના કારણે ભરાઈ શકી નથી.

સ્ટાફની આ મોટી ઘટ વચ્ચે મનપા દ્વારા ચાલુ વર્ષ દરમિયાન વર્ગ-૧ માં ૧૪, વર્ગ-૨ માં ૧૧, વર્ગ-૩ માં ૨૦૧ અને વર્ગ-૪ માં ૧૩ મળીને કુલ ૨૩૯ જગ્યાઓ પર નવી ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે દિવ્યાંગો માટે મેડિકલ ઓફિસર, આસિસ્ટન્ટ ઈજનેર (સિવિલ), વર્ક આસિસ્ટન્ટ, જુનિયર ક્લાર્ક, સેનેટરી સબ ઈન્સ્પેક્ટર, જુનિયર ફાર્માસિસ્ટ અને ફિલ્ડ વર્કર સહિતની વિવિધ કેડરમાં ભરતી પ્રક્રિયા હાથ ધરાશે તેવો દાવો કરાયો છે. બીજી તરફ ૩ વર્ષથી વધુ સમયથી એક જ સ્થાને અડ્ડો જમાવીને બેઠેલા બદલીપાત્ર અધિકારીઓની બદલી ન થતાં ભ્રષ્ટાચાર વધ્યો હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.






# સિટી બસ ચાલકે ઉલાળ્યું બાઈક

## ચાલકની ગંભીર બેદરકારી: કેવડાવાડી મેઈન રોડ પરનો બનાવ : ડ્રાઈવરને પેનલ્ટી

રાજકોટ, તા.૨૩

રાજકોટમાં દિન-પ્રતિદિન સિટી બસ અને બીઆરટીએસ બસના ચાલકોની બેદરકારી અને લાપરવાહીની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે, ત્યારે આજે આવી જ વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. રાજકોટના અત્યંત વ્યસ્ત અને ગીચ ગણાતા કેવડાવાડી મેઈન રોડ પર રસ્તાના કિનારે પાર્ક કરેલા એક ટુ-વ્હીલરને પૂરપાટ ઝડપે આવતી સિટી બસે જોરદાર ટક્કર મારીને અડફેટે લીધું હતું. આ સમગ્ર ઘટનાના સ્પષ્ટ સીસીટીવી ફુટેજ પણ સામે આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ પોતાની ગફલત છુપાવવા માટે બસ ચાલકે ટુ-વ્હીલર યોગ્ય રીતે પાર્ક નહીં કર્યું હોવાનો લુલો અને નબળો બચાવ કર્યો હતો, જેને લઈને સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં તંત્ર તથા બસ ચાલકો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, કેવડાવાડી મેઈન રોડ પર વેપારીઓ અને ગ્રાહકો પોતાના વાહનો સામાન્ય રીતે રસ્તાની એક બાજુ પાર્ક કરતા હોય છે. સીસીટીવીમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક ટુ-વ્હીલર રસ્તાના કિનારે પાર્ક કરેલું હતું, તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી રાજકોટ મહાપાલિકા સંચાલિત સિટી બસના ચાલકે અચાનક કાબૂ ગુમાવીને અથવા ગફલતભર્યું ડ્રાઈવિંગ કરીને પાર્ક કરેલા આ બાઈકને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે ટુ-વ્હીલર ફંગોળાઈને નીચે પટકાઈ ગયું હતું. જોકે, સદનસીબે આ અકસ્માત સર્જાયો તે સમયે બાઈક પર કે તેની આસપાસ કોઈ વ્યક્તિ હાજર નહીં હોવાથી એક મોટી જાનહાનિ ટળી હતી અને સારો એવો બચાવ થયો હતો.

અકસ્માત સર્જાયા બાદ ઘટનાસ્થળે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા, ત્યારબાદ ટુ-વ્હીલરના માલિક અને સિટી બસ ચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી જેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે સિટી બસ ચાલક લોકો સામે ઉંધી દલીલો કરી રહ્યો હતો. બસ ડ્રાઈવરે પોતાનો બચાવ કરતા એવો આક્ષેપ કર્યો હતો કે ટુ-વ્હીલર ચાલકે વાહન અયોગ્ય રીતે (રોડ પર નડતરરૂપ) પાર્ક કર્યું હતું, જેના કારણે તેને ટર્ન લેવામાં કે બસ પસાર કરવામાં અડચણ આવી હતી અને આ અકસ્માત થયો હતો. સામે પક્ષે સ્થાનિકો અને બાઈક માલિકે આક્ષેપ કર્યો હતો કે બસ ચાલક બેદરકારીપૂર્વક અને બેફામ વાહન ચલાવી રહ્યો હતો અને તેના કારણે જ આ નુકસાન થયું છે.

આ સમગ્ર મામલે રૂટ નંબર ૩૨ અને બસ નંબર ઊ૭૩ વાળી આ સિટી બસ સાંજે ૪:૩૦ વાગ્યા આસપાસ કેવડાવાડી મેઈન રોડ પરથી પસાર થઈ રહી હતી. બસ પાછળ ટ્રાફિક થઈ ગયો હોવા છતાં અને હોર્ન મારવા છતાં ચાલક દ્વારા તેનું ટુ-વ્હીલર હટાવવામાં આવ્યું ન હોવાનું જણાવી બસ આગળ ચલાવતા બસના વ્હીલના સ્ક્રૂ-નટ બાઈક સાથે ઘસાવાના લીધે બાઈક પડી ગયું હતું. આ ગંભીર બાબતને ધ્યાને લઈને વિશ્વમ બસ એજન્સીના ડ્રાઈવર નિકુંજ ભેટારિયા સામે ટેન્ડરની શરતો મુજબ ડ્રાઈવિંગમાં બેદરકારી દાખવવા બદલ રૂા. ૨,૪૩૯/- ની દંડકીય પેનલ્ટી ફટકારવામાં આવી હોવાનું સંબંધિતો દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ અંગે વાતચીતમાં સિટી બસ સેવાનો હવાલો સંભાળતા ઈજનેર પરેશ અઢીયાએ જણાવ્યું હતું કે ગીચ વિસ્તારમાં આ રીતે બાઈક પાર્ક કરવું અયોગ્ય છે, છતાં આ ઘટનામાં સીસીટીવી જોતા સિટી બસ ચાલકની પણ સ્પષ્ટ ભૂલ દેખાઈ રહી છે અને કોન્ટ્રાક્ટ અનુસાર તેની સામે જે પણ કાર્યવાહી થઈ શકે તેમ છે તે જાણીને નિયમ મુજબ કડક પગલાં લેવામાં આવશે તેમજ કોઈપણ પ્રકારની બેદરકારી બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં સિટી બસ ડ્રાઈવરો દ્વારા ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાડવા તેમજ આડેધડ વાહનો ચલાવવાના કિસ્સાઓ અવારનવાર પ્રકાશમાં આવતા રહે છે, ત્યારે તંત્ર દ્વારા આવા બેદરકાર બસ ચાલકો સામે ક્યારે અને કેવા દાખલારૂપ પગલાં લેવાય છે તેના પર સૌની નજર ટકેલી છે.

**બી-ડિવિઝન પોલીસે બંનેને શોધવા કર્યા ચક્રો ગતિમાન**


# જમીન સોદાના નામે ૮૦ લાખ પડાવનાર બાપ-બેટા સામે ગુનો

રાજકોટ તા. ૨૩

રાજકોટ શહેરના બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક મોટો નાણાકીય છેતરપિંડી અને ધમકીનો મામલો સામે આવ્યો છે, જેમાં સસ્તી જમીન અપાવવાની લાલચ આપીને અર્થમુવર્સ મશીનરીનો ધંધો કરતા વેપારી સાથે ૮૦ લાખ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી છે. આ મામલે ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે પોલીસે ખેડા અને નડિયાદ પંથકના પિતા-પુત્ર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૨), ૩૫૧(૨) અને ૫૪ મુજબ ગુનો નોંધીને કાયદેસરની સઘન તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, હાલ નવાગામ પટેલ વિહાર પરોઠા હાઉસ પાછળ રહેતા અને મૂળ જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામના વતની એવા રમેશભાઈ બઘાભાઈ મોરી (ઉ.વ. ૩૮) અર્થમુવર્સ મશીનરીનો ધંધો કરે છે. આજથી ચારેક વર્ષ પહેલાં નડિયાદ-ખેડા ખાતે માટીકામના કોન્ટ્રાક્ટ દરમિયાન તેમની ઓળખ હર્ષકુમાર રણછોડભાઈ રબારી તથા દીપસિંહ પૂનમભાઈ સિસોદિયા સાથે થઈ હતી. આ મિત્રતા દરમિયાન દીપસિંહના પિતા પૂનમસિંહ સિસોદિયા પણ તેમની સાથે સારા સંબંધો ધરાવતા હતા.

આજથી સાતેક મહિના પહેલાં હર્ષકુમાર અને દીપસિંહ સિસોદિયાએ રમેશભાઈનો સંપર્ક કરી નડિયાદમાં ત્રણ એકર જેટલી અંદાજે દસ કરોડ રૂપિયાની કિંમતની એક જમીન ખેડૂતને પૈસાની જરૂર હોવાથી માત્ર સાડા છ કરોડ રૂપિયામાં અપાવવાની લાલચ આપી હતી. જમીન ક્લિયર કરાવવાનો ૫૦ લાખ ખર્ચ થશે અને બે કરોડ એડવાન્સ ટોકન પેટે આપવા પડશે તેમ કહી દીપસિંહ અને હર્ષે પોતાની પાસે ૪૦ લાખ હોવાનું જણાવી બાકીના ૧ કરોડ ૬૦ લાખ રૂપિયાના રોકાણ બદલ ૭૦ ટકા નફાની લાલચ આપી હતી.



આ પ્રલોભનમાં આવીને રમેશભાઈએ પોરબંદર મુથૂટ ફાઈનાન્સમાંથી ૪૦ લાખની ગોલ્ડ લોન લીધી હતી, તથા મિત્ર ગોવિંદભાઈ રબારી પાસેથી ૪૫ લાખ, ભરતભાઈ મકવાણા પાસેથી ૫૫ લાખ અને પોતાની પાસે રહેલા ૨૦ લાખ મળીને કુલ ૧ કરોડ ૬૦ લાખ રૂપિયા ભેગા કર્યા હતા. ગત તા. ૧૦/૦૧/૨૦૨૬ના રોજ બપોરે રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે દીપસિંહ અને હર્ષ રૂબરૂ મળ્યા ત્યારે વિડિયો કોલ દ્વારા દીપસિંહના પિતા પૂનમસિંહ સાથે વાત કરાવીને તેમણે પૈસા રોકવાની પૂરી જવાબદારી અને ખાતરી આપતા રમેશભાઈએ ગાડીમાં જ રૂા. ૧ કરોડ ૬૦ લાખ રોકડા આપી દીધા હતા.

સમય વીતવા છતાં જમીનનો કોઈ સોદો ન થતા અને અવારનવાર ઉઘરાણી કરવા છતાં આરોપીઓ ખોટા વાયદાઓ આપતા હતા. આ અંગે ગત તા. ૧૪/૦૫/૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે રૂબરૂ મળીને નાણાં પરત માંગતા આરોપીઓએ પૈસા આપવાનો ઈનકાર કરી દીધો હતો અને જો કાયદેસરની કાર્યવાહી કરશો તો પરિવારમાં કોઈ જીવતું નહીં રહે તેવી ગંભીર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં દબાણ વધતા અગાઉ તા. ૧૩/૦૮/૨૦૨૬ના રોજ હર્ષકુમારે પોતાની જવાબદારીના ભાગરૂપે અડધા એટલે કે ૮૦ લાખ રૂપિયા પરત આપી દીધા હતા, પરંતુ મુખ્ય આરોપી દીપસિંહ અને તેના પિતા પૂનમસિંહે બાકીના ૮૦ લાખ રૂપિયા ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

આ મામલે રમેશભાઈ દ્વારા બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે દીપસિંહ પૂનમભાઈ સિસોદિયા અને પૂનમસિંહ સિસોદિયા (રહે. મુઠેલા ગામ, તા. જી. ખેડા) વિરુદ્ધ ગુનો નોંધી પી.એસ.આઈ. ગોવિંદભાઈ રતનભાઈ ચૌહાણ દ્વારા આગળની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે

રાજકોટ મિરર તંત્રીની કલમે

# સ્વીટ સંકટ

## ખાંડની કિંમત અચાનક ઉછળી ફૂડ માર્કેટમાં મીઠા મીઠા દર્દ



આજના સમયમાં મોંઘવારી સામાન્ય માનવીનો પીછો છોડવાનું નામ લેતી નથી. દૂધ, શાકભાજી અને ગેસ સિલિન્ડરના ભાવ વધારા બાદ હવે ખાંડના ભાવમાં અચાનક ભડકો થયો છે. બજારમાં ખાંડની કિંમત અચાનક ઊંચી દવા જેવી કડવી લાગવા માંડી છે. રસોડાનું બજેટ ખોરવાઈ જતાં ગૃહિણીઓ ભારે મૂંઝવણમાં મુકાઈ ગઈ છે. સામાન્ય માણસના ખિસ્સા પર આ ભાવવધારાની સીધી અને આકરી અસર પડી રહી છે. સવારની અડધી ચાથી માંડીને હોટેલો, રેસ્ટોરન્ટો અને તહેવારોમાં વપરાતી સ્વીટ સુધીની તમામ વસ્તુઓની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે.

બજારમાં માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં ખાંડના ભાવમાં આશરે ૧૫% થી ૧૮% સુધીનો તીવ્ર વધારો ઝીંકાયો છે. હોલસેલ અને રિટેલ માર્કેટમાં ભાવ વધતાં બેકરી પ્રોડક્ટ્સ, કોલ્ડ્રિંક્સ, આઈસ્ક્રીમ અને પરંપરાગત મીઠાઈઓ મોંઘીદાટ બની ગઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે હવે ચામાં મીઠાસ ઉમેરવી પણ મોંઘી સાબિત થઈ રહી છે.

ખાંડના આ અણધાર્યા ભાવવધારા પાછળ ઈ-૨૦ ઈંધણ નીતિ મુખ્ય કારણ હોવાનું નિષ્ણાતોનું અનુમાન છે. સરકારે પેટ્રોલમાં એથેનોલ બ્લેન્ડિંગનું પ્રમાણ વધારતાં શેરડીના રસનો મોટો જથ્થો એથેનોલ ઉત્પાદન તરફ વાળવામાં આવ્યો છે. જેના કારણે ખાંડનું ઉત્પાદન ઘટવાની અને પુરવઠો ખોરવાવાની આશંકા ઊભી થઈ છે. જોકે ગઈ કાલે કેન્દ્રીય પ્રધાન રૂપાલાએ ચોખવટ કરી હતી કે આંતરરાષ્ટ્રીય સ્તરે ખાંડના ભાવ વધવા અને વૈશ્વિક સ્થિતિના કારણે દેશમાં કિંમતો વધી છે.

ભાવવધારા પાછળનું કારણ ગમે તે હોય, પણ વાસ્તવિકતા એ છે કે પ્રજા પીસાઈ રહી છે. રોજબરોજની પ્રાથમિક જરૂરિયાતોની કિંમતો પર સત્વરે કાબૂ મેળવવામાં નહીં આવે તો મોટો સામાન્ય વર્ગ સરકારથી ભારે નારાજ બની શકે છે. તહેવારો ટાણે ફુગાવાને રોકવો અને પુરવઠો જાળવી રાખવો એ વર્તમાન શાસનની કસોટી જેવી સ્થિતિ છે. મોંઘવારીના આ રાક્ષસને ડામવો અને જનતાને રાહત આપવી એ હાલમાં સરકાર સામે સૌથી મોટો સળગતો પડકાર બની ચૂક્યો છે.

# આર્થિક ધોરણે અનામત રાષ્ટ્રીય હિતમાં નથી

## માયાવતીએ પ્રદર્શનનો વિરોધ કરી રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું





નવીદિલ્હી, તા. ૨૩.

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ દિલ્હીના જંતર-મંતર પર અનામત સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અંગે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી રહેલી માંગણીઓને અન્યાયી ગણાવી ફગાવી દીધી. તેમણે કહ્યું, ‘‘તાજેતરમાં, કેટલાક લોકો દિલ્હીના જંતર-મંતર પર બંધારણમાં જઈ, જઝ અને ઘઈઈ સમુદાયોને આપવામાં આવેલા અનામતનો વિરોધ કરવા માટે એકઠા થયા હતા. આર્થિક પરિસ્થિતિઓના આધારે અનામત લાગુ કરવાની આ લોકોની આ નવી માંગ બિલકુલ વાજબી નથી કે રાષ્ટ્રીય હિતમાં નથી. તેમણે અનામત અંગે એવું કંઈ ન કરવું જોઈએ જે સમાનતાવાદી, વિકસિત અને આદરણીય રાષ્ટ્રના નિર્માણના બંધારણીય આદેશને નબળી પાડે.’’

માયાવતીએ કહ્યું, ‘‘કોઈપણ સંજોગોમાં, સદીઓથી જાતિવાદના અમાનવીયતાનો ભોગ બનેલા જઈ, જઝ અને ઘઈઈ સમુદાયો માટે બંધારણમાં આપવામાં આવેલા અનામત અંગે, બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરે કહ્યું હતું કે જાતિવાદનો ત્યાગ કરવો એ સૌથી મોટી દેશભક્તિ છે. જો આ લોકો વધુ સાચી દેશભક્તિ દર્શાવે તો તે યોગ્ય રહેશે.’’ માયાવતીએ ઉમેર્યું, ‘‘જ્યાં સુધી આર્થિક પરિસ્થિતિઓના આધારે અનામત આપવાની વાત છે, કેન્દ્ર અને રાજ્ય સરકારો દર વર્ષે માત્ર એક જ નહીં પરંતુ અસંખ્ય ગરીબી નિવારણ કાર્યક્રમો પર ઘણા બધા સરકારી નાણાં ખર્ચે છે, પરંતુ તેમની અંદર ભ્રષ્ટાચાર અને અન્ય ગેરરીતિઓ વ્યાપક છે.’’ જો દેશના લોકોને આના કારણે સાચા લાભો મળતા નથી, તો તે સરકારી વ્યવસ્થાનો સીધો દોષ છે.

આ ઉપરાંત, દેશમાં આર્થિક ધોરણે આધારિત અનામતની એક નવી વ્યવસ્થા પણ લાગુ કરવામાં આવી રહી છે, જેનો સાચો લાભ ઉચ્ચ જાતિના સમાજના ગરીબ પરિવારો મેળવી રહ્યા નથી, બલ્કે તે વધુ છેતરપિંડી છે. હકીકતમાં, આ ભ્રષ્ટ અને જાતિવાદી સરકારી વ્યવસ્થા છે જેણે ક્યારેય અનામતની બંધારણીય રચનાત્મક જોગવાઈને જમીન પર યોગ્ય રીતે લાગુ થવા દીધી નથી, જેના કારણે જઈ, જઝ અને ઘઈઈ સમુદાયના લોકો, આઝાદીના આટલા લાંબા સમય પછી પણ, દરેક સ્તરે દરરોજ ગરીબી, જાતિ દ્વેષ, શોષણ, જુલમ અને જાતિવાદના ઝેરનો ભોગ બની રહ્યા છે.

જો બધી સરકારો અનામત વિરોધી તત્વોને આશ્રય અને રક્ષણ ન આપે તો તે મોટા રાષ્ટ્રીય અને જાહેર હિતમાં હશે. લોકોને પણ વિનંતી કરવામાં આવે છે કે તેઓ અનામત જેવા મહત્વપૂર્ણ અને સંવેદનશીલ મુદ્દા પર સસ્તી રાજનીતિ ન કરે, અને તેને થવા પણ ન દે. જો કે, તે જ દિવસે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સંસદ પોલીસ સ્ટેશનની બહાર ઘણા કલાકો સુધી ધરણા પર બેઠા હતા જેથી પીડિતાના કેસમાં FIR નોંધવાની માંગ કરી શકાય, જેનો વિરોધ પક્ષને કોઈ વાંધો નથી. જો કે, જંતર મંતર પર, દલિતો અને શોષિતોને આપવામાં આવતી જાતિ આધારિત અનામતને સમાપ્ત કરવા માટે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું, પરંતુ તેઓ અને તેમના કોઈ પણ કોંગ્રેસ સાથી તેમને સમજાવવા માટે ત્યાં ગયા ન હતા, જે સ્પષ્ટપણે આ વર્ગો પ્રત્યેની તેમની અનામત વિરોધી માનસિકતા દર્શાવે છે.

# રક્ષા મંત્રાલયમાં ફરજ બજાવતી ગર્ભવતી કર્મચારીનું મોત

## મૃત્યુથી અનેક પ્રશ્નો ઉભા થયા :સાસરિયાઓ સામે FIR



નવીદિલ્હી, તા.૨૩

દ્વારકા જિલ્લાના ભરથલ ગામમાં સંરક્ષણ મંત્રાલયમાં ૩૦ વર્ષીય સહાયક સેક્શન ઓફિસર નાઝિયા ખાનમના શંકાસ્પદ મૃત્યુના સંદર્ભમાં પોલીસે એફઆઈઆર નોંધી છે. નાઝિયાના પરિવારે તેના સાસરિયાઓ પર ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, નાઝિયાના પિતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં તેના સાસરિયાઓ પર માનસિક અને શારીરિક શોષણનો આરોપ મૂકવામાં આવ્યો છે. પરિવારનો આરોપ છે કે નાઝિયાના લગ્ન ૧૧ એપ્રિલના રોજ મુસ્લિમ રીતરિવાજ મુજબ આઝમ અલી ખાન સાથે થયા હતા. લગ્નના થોડા સમય પછી, નાઝિયાને તેના પતિ, સાસુ અને સસરા દ્વારા ત્રાસ આપવામાં આવી રહ્યો હતો. તેણીને કથિત રીતે દુર્વ્યવહાર અને હુમલો કરવામાં આવ્યો હતો, અને ઘર ખાલી કરવાની અને હત્યાની ધમકી આપવામાં આવી હતી.

ફરિયાદમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નાઝિયા લગભગ ત્રણ મહિનાની ગર્ભવતી હતી, અને આ હોવા છતાં, કથિત ત્રાસ ચાલુ રહ્યો. પરિવારના જણાવ્યા અનુસાર, નાઝિયા સમયાંતરે ફોન પર દુર્વ્યવહારની જાણ કરતી હતી. ૨૧ ઓગસ્ટના રોજ સવારે ૪ વાગ્યે નાઝિયાના સસરાએ પરિવારને ફોન કરીને તેના મૃત્યુની જાણ કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી. નાઝિયાનો મૃતદેહ ભરથલ ગામમાં તેના એપાર્ટમેન્ટમાં છતના પંખા સાથે લટકતો મળી આવ્યો હતો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

પરિવારે તેમની ફરિયાદમાં નાઝિયાના મૃત્યુ અંગે શંકા વ્યક્ત કરી છે, આરોપ લગાવ્યો છે કે સતત માનસિક અને શારીરિક ત્રાસ આપીને તેણીને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં આવી હશે. તેમને એવી પણ શંકા છે કે તેની હત્યા કરવામાં આવી હશે અને ઘટનાને આત્મહત્યા તરીકે રજૂ કરવામાં આવી હશે. પોલીસે ઈર્જીની કલમ ૮૫ અને ૧૦૮ હેઠળ કેસ નોંધ્યો છે. તેઓ આ મામલાની તપાસ કરી રહ્યા છે અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી કરશે. સંરક્ષણ મંત્રાલયમાં અજ્ઞ નાઝિયા ખાનમના શંકાસ્પદ મૃત્યુ અંગે દ્વારકાના ભરથલમાં ઋઈછ દાખલ કરવામાં આવી છે. પરિવારે તેના સાસરિયાઓ પર માનસિક અને શારીરિક ત્રાસ, ઘરેલુ હિંસા અને હત્યાનો આરોપ લગાવ્યો છે.

પરિવારની ફરિયાદના આધારે પોલીસે ઋઈછ નોંધી છે. અધિકારીઓનું કહેવું છે કે આ કેસની તપાસ કરવામાં આવી રહી છે અને તમામ પાસાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. પોલીસ મૃતકના પરિવાર દ્વારા લગાવવામાં આવેલા આરોપો તેમજ તેના સાસરિયાઓની ભૂમિકાની તપાસ કરી રહી છે. તપાસમાં મહિલાના ફોન કોલ ડિટેલ્સ, તેના પરિવાર સાથેની વાતચીત અને અન્ય સંજોગોવશાત પુરાવાઓની પણ તપાસ કરવામાં આવશે. પોલીસ તપાસ પૂર્ણ થયા પછી જ સ્પષ્ટ થશે કે મહિલાએ કયા સંજોગોમાં આ આત્યંતિક પગલું ભર્યું અને તેના મૃત્યુ માટે કોણ જવાબદાર છે.

## ફરી દેશવ્યાપી આંદોલનની તૈયારી, ૨૪મીએ બેઠક

# સરકારના વાયદા પોકળ ગણાવી CJPનું અલ્ટીમેટમ

નવી દિલ્હી, તા.૨૩

કોકરોચ જનતા પાર્ટી (CJP) એ કેન્દ્ર સરકાર પર યુવાનો સાથે વિશ્વાસઘાતનો આરોપ લગાવ્યો છે. CJPએ ચેતવણી આપી છે કે, જો ૨૫ જુલાઈની સમજૂતી મુજબ ગઊઊઝ પરીક્ષા વિવાદના કેસ પાછા ખેંચવા અને મૃતક વિદ્યાર્થીઓના પરિવારોને વળતર આપવાના વચનો પૂરા નહીં થાય, તો દેશભરમાં ફરી શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરાશે. સુપ્રીમ કોર્ટમાં FIR યાદી ન આપતા, CJPની ૨૪ ઓગસ્ટે બેઠક યોજાશે.

કોકરોચ જનતા પાર્ટી (CJP) એ ચેતવણી આપી છે કે, જો સરકાર પોતાના વચનો પૂરા નહીં કરે, તો દેશમાં ફરી એકવાર શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરવામાં આવશે. સીજેપીએ કેન્દ્ર સરકાર પર યુવાનો સાથે કરેલા વચનોથી ફેરવી તોળવાનો અને વિશ્વાસઘાત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પાર્ટીએ જણાવ્યું કે, ૨૫ જુલાઈના રોજ જે સમજૂતીના આધારે દેશવ્યાપી આંદોલન પાછું ખેંચવામાં આવ્યું હતું, તે માગણીઓ સરકાર હવે પૂરી કરવામાંથી પીછેહઠ કરી રહી છે.

સુપ્રીમ કોર્ટની ટિપ્પણી અને સરકારનું વલણ સીજેપીની લીગલ ટીમ અને નેતાઓના જણાવ્યા અનુસાર, ૧૮ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ત્રણ વખત વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી એફઆઈઆર (FIR)ની પૂરી યાદી માગી હતી. સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ ૧૪૨ હેઠળ મળેલા વિશેષ અધિકારોનો ઉપયોગ કરીને તમામ કેસો એકસાથે રદ કરવા માગતી હતી. પરંતુ, કોર્ટના વારંવાર પૂછવા છતાં, કેન્દ્ર સરકારે આ યાદી સોંપવા અંગે કોઈ સ્પષ્ટતા કરી નહોતી.

પ્રેસ કોન્ફરન્સમાં સીજેપીના સહ-સંયોજક સૌરવ દાસ અને લીગલ અફેર્સ લીડ રત્ના સિંહે આરોપ લગાવ્યો કે, આંદોલન સમાપ્ત કરાવ્યા બાદ સરકાર દેશના યુવાનોને છેતરવાનો પ્રયાસ કરી રહી છે.



### મુખ્ય વચનો કયા હતા?

- સીજેપીના નેતાઓએ સ્પષ્ટ કર્યું કે સરકારે તેમની સાથે બે મુખ્ય વચનો આપ્યા હતા.
- કેસ પાછા ખેંચવાઃ આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓ પર દાખલ થયેલી તમામ એફઆઈઆર તરત રદ કરવામાં આવશે, અને ભવિષ્યમાં કોઈ દંડાત્મક કાર્યવાહી નહીં થાય.
- પીડિતોને વળતરઃ ગઊઊઝ પરીક્ષા વિવાદમાં જીવ ગુમાવનારા વિદ્યાર્થીઓના પરિવારોને સન્માનજનક વળતર આપવામાં આવશે.
- ૨૪ ઓગસ્ટે રાષ્ટ્રીય કારોબારીની બેઠક
- આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોકરોચ જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક ૨૪ ઓગસ્ટે બોલાવવામાં આવી છે, જેમાં આગળની વ્યૂહરચના નક્કી કરવામાં આવશે. સીજેપીએ જણાવ્યું કે, ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું તેમની પહેલી સફળતા હતી, પરંતુ જ્યાં સુધી તમામ વાયદા પૂરા નહીં થાય ત્યાં સુધી લડાઈ ચાલુ રહેશે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શીર્ષક પ્રાસંગિક

## બારે બાર જ્યોતિર્લિંગમાં સ્વયં શિવે પોતાની જ્યોતિ પ્રસ્થાપિત કરી,એનું મહાત્મ્ય વધાર્યું છે



ભારતીય સંસ્કૃતિમાં તીર્થ દર્શન કરવાનું ખૂબ જ મહત્વ છે, અને ભારતભરમાં ઈશ્વરે માળાનાં મણકા વેર્યા હોય એટલાં તીર્થ છે! અને વિદેશી સંસ્કૃતિના લોકો પણ તીર્થ સ્થાનની દિવ્ય અનુભૂતિ પ્રાપ્ત કરવા આવે છે! ભગવાન શંકરનાં સ્વયંભૂ શિવલિંગ રુપે ઘણાં તીર્થ છે, પરંતુ એમાં બાર જ્યોતિર્લિંગનું મહત્વ એટલે વધુ છે, કારણકે શિવ ભક્તની વહારે આવીને પછી એ સ્થાને શિવલિંગમાં પોતાની જ્યોતિ પ્રસ્થાપિત કરી, તો આ વખતે શ્રી શૈલે મલ્લિકાર્જુન, વૈદ્યનાથ અને ભીમાશંકર, જ્યોતિર્લિંગ વિશે ચિંતન કરીશું.

શ્રી શૈલે મલ્લિકાર્જુન** આંધ્રપ્રદેશનાં કુર્નુર જિલ્લામાં કૃષ્ણા નદીને કિનારે આવેલું આ જ્યોતિર્લીંગ અદભુત સ્થાપત્યનો નમૂનો છે. આ ઉપરાંત નલ્લામલાઈની ટેકરી તેમજ ત્રણ નદીનાં સંગમ પાસે આવેલું આ સ્થાન એ સમયની જાહોજલાલીને યાદ તાજી કરાવી જાય છે. મંદિરમાં શિવપીઠ અને શક્તિપીઠ એમ બંને બિરાજમાન છે.ભારતનું કદાચ પહેલું એવું મંદિર હશે જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ રૂપે શિવ અને શક્તિ બંને સાથે બિરાજમાન છે. મલ્લિકાર્જુન શબ્દનો અર્થ કરીએ તો મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન એટલે શિવ એવો થાય છે. જ્યોતિર્લિંગ સ્વરૂપે મલ્લિકાર્જુન અને શક્તિપીઠ રૂપે ભ્રમપરામ્બા બિરાજમાન છે. આ મંદિર પણ ખૂબ જ પ્રાચીન છે.આ મંદિર સાથે બે પૌરાણિક કથાઓ જોડાયેલી છે.

શિવ પાર્વતીનાં પુત્રમાં લગ્ન પહેલાં કોના થશે? એ બાબતે એકવાર વિવાદ થયો, એટલે શિવજીએ કહ્યું કે, જે કોઈ પૃથ્વીની પરિક્રમા કરી પ્રથમ આવશે તેના લગ્ન પહેલા થશે. કાર્તિકેય પોતાનું વાહન મોર લઈને પૃથ્વીના પ્રવાસે નીકળે છે, જ્યારે ગણેશજી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી માતાપિતાની પ્રદક્ષિણા કરે છે, અને શંકર ભગવાન પ્રસન્ન થઈને કહે છે કે, તું સાચો વિદ્યાનો ઉપાસક છે,તું જીત્યો, અને ગણેશના લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે કરાવવામાં આવે છે. કાર્તિકેય પૃથ્વીની પરિક્રમા કરી પાછાં આવે છે, અને જોવે છે કે ગણેશનાં લગ્ન થઈ ગયાં, અને એ પણ આ રીતે! એટલે તેઓ રિસાઈને માતાપિતાને છોડીને ક્રોંચ પર્વતની ટેકરીએ વસે છે. શિવજી નારદ મુનિને કાર્તિકેયને મનાવવાનું કામ સોપે છે, પરંતુ તે માનતાં નથી, આથી પુત્ર વિયોગમાં શિવ પાર્વતી બન્ને ક્રોંચની ટેકરી પર આવવાં નીકળે છે, અને માર્ગ યાદ રહે એ માટે માર્ગમાં આવતી ટેકરીઓ પર પોતાનું જ્યોતિ સ્વરૂપ મૂકે છે, અને એ રીતે આ શ્રીશૈલમની ટેકરી પર જ્યોતિ સ્વરૂપ છે, શિવ પાર્વતી બન્ને જણાં પોતાના અસ્તિત્વની છાપ અહીં છોડે છે. જ્યારે પુરાણ મુજબ દક્ષ યજ્ઞમાં અડધા બળેલા સતીના શરીરને લઈને ક્રોધાયમાન શંકર ફરે છે ત્યારે તેનાં શરીરનાં અવયવો જ્યાં જ્યાં પડે છે, ત્યાં આગળ શક્તિપીઠનું નિર્માણ થયું છે. એટલે અહીં શક્તિપીઠ આવેલી છે.

સ્કંદપુરાણની બીજી દંતકથા મુજબ શિવગણ નંદીએ અહીં તપસ્યા કરી હતી. તેઓની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અને પાર્વતીએ તેમને મલ્લિકાર્જુન અને ભ્રમરામ્બાના રૂપમાં દર્શન આપ્યા હતાં. આ જ્યોતિર્લીંગનું વર્ણન મહાભારતમાં પણ છે. પાંડવોએ પાંચ લિંગની સ્થાપના અહીં કરી હતી. ભગવાન રામે પણ આ મંદિરનાં દર્શન કર્યા હતાં. ભક્ત પ્રહલાદના પિતા હિરણ્યકશ્યપ પણ અહીંયા પૂજા અર્ચના કરતાં હતાં.

વૈદ્યનાથ : ભોળાનાથનું આ તીર્થ ઝારખંડમાં દેવઘર નામનાં સ્થાને શોભાયમાન છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં પરલ્યાં વૈદ્યનાથં ચ તરીકે વૈદ્યનાથ જ્યોતિર્લિંગનાં સ્થાનનો ઉલ્લેખ મળે છે. તે સ્થાન મૂળે તો ઝારખંડનું દેવઘર જ હોવાનું મનાય છે. અલબત્, મહારાષ્ટ્રનાં પરલીમાં તેમજ હિમાચલ પ્રદેશના કાંગડામાં આ જ્યોતિર્લિંગ સ્થિત હોવાનાં દાવા થાય છે. પણ, દેવતાઓનું ઘર મનાતું દેવઘર જ મુખ્ય હોવાનાં પ્રમાણ વધું છે.

શિવપુરાણની કોટિરુદ્રસંહિતાના અધ્યાય ૨૭-૨૮ માં વૈદ્યનાથ જ્યોતિર્લિંગના પ્રાગટ્ય સંબંધી કથાનું વર્ણન છે. કથા અનુસાર રાક્ષસરાજ રાવણે મહાદેવને પ્રસન્ન કરવા કૈલાસ પર્વત પર જઈને કેટલાય વર્ષો સુધી દુષ્કર તપ કર્યું. પણ રાક્ષસરાજના મનોભાવોને જાણનારા શિવજી પ્રસન્ન થયા નહીં,તો રાવણે અન્ય રીતે ભગવાન શંકરને મનાવવા કોશિશ કરી. ભગવાન તો પણ પ્રસન્ન થયાં નહીં, ત્યારે આખરે રાવણે એક પછી એક પોતાનું મસ્તક કાપી શિવજીને અર્પણ કરવાનું શરૂ કર્યું. જ્યારે દસમું અને અંતિમ મસ્તક કાંપવા રાવણ તૈયાર થયો, ત્યારે મહાદેવે પ્રગટ થઈ તેને રોક્યો. કરુણાનિધાને રાવણને તેના બધાં મસ્તક પાછા આપી તેની ઈચ્છા અનુસાર તેને પરમ બળની પ્રાપ્તિનાં આશિષ આપ્યાં.

મહાદેવના વરદાનથી પ્રસન્ન થઈ રાવણ લિંગને લંકા લઈ જવા હઠ કરી. ત્યારે શિવજીએ તેને લંકા લઈ જવા પોતાના અંશ રૂપી એક શિવલિંગ આપ્યું. સાથે જ કહ્યું કે, તુ તેને જમીન પર જ્યાં મુકીશ ત્યાં જ તે સ્થાપિત થઈ જશે ! રાવણ હર્ષ સાથે લંકા જવા નીકળ્યો. પરંતુ, માર્ગમાં શિવજીની જ માયાથી રાવણને લઘુશંકાની ઈચ્છા થઈ. કહે છે કે દેવઘરની ભૂમિ પર રાવણે એક ગોપબાળને જોયો. વૈજુ નામનાં તે બાળકના હાથમાં રાવણે શિવલિંગ મૂકી દીધું.

દંતકથા એવી છે કે, વૈજુ નામનો તે ગોપબાળ વાસ્તવમાં શ્રીહરિ વિષ્ણુ હતાં, જેમણે શિવલિંગ જમીન પર મૂકી દીધું. અને પછી શિવજીના વરદાન અનુસાર તે ત્યાં જ સ્થિર થઈ ગયું. રાવણે પૃથ્વી પરથી શિવલિંગને ઊંચકવાનો ઘણો પ્રયાસ કર્યો, પણ તે હલ્યું સુદ્ધા નહીં, પણ નિરાશ થઈ પરત ફર્યો. ત્યારબાદ સર્વ દેવતાં અને ઋષિમુનિઓએ મળી મહાદેવનાં આ દિવ્ય રૂપની પૂજા કરીને તેને વૈદ્યનાથ નામ આપ્યું. એક માન્યતા અનુસાર શ્રીવિષ્ણુના વૈજુ નામ પરથી પ્રભુ વૈજનાથ નામે પ્રસિદ્ધ થયા. કે જેમના દર્શન માત્ર ભક્તોના સર્વ મનોરથોની પૂર્તિ કરનારા મનાય છે.

ભીમાશંકર** આ મંદિર ભારતના પશ્ચિમ રાજ્ય મહારાષ્ટ્રના પુણે નજીક ખેડ તાલુકામાં આવેલું એક જ્યોતેર્લિંગ છે. આ મંદિર પુણેના શિવાજી નગરથી ૧૨૭ કિમી દૂર સહ્યાદ્રીની પર્વતમાળામાં આવેલું છે. આ સ્થળ ભીમા નામની નદીનું ઉદ્ગમ સ્થાન પણ છે, આ નદી આગળ જઈ રાયચુર પાસે કૃષ્ણા નદીને મળે છે. મહારાષ્ટ્રમાં આવેલાં અન્ય જ્યોતિર્લિંગ સ્થળો પણ છે,

ભીમાશંકર જ્યોતિર્લિંગની પૌરાણિક કથા ત્રેતા યુગ સાથે જોડાયેલી છે. શાસ્ત્રોમાં મળતાં વર્ણન મુજબ દેવોના અનુરોધથી ભગવાન શિવે ભીમાશંકર રૂપે સહ્યાદ્રી પર્વતમાળા ઉપર નિવાસ કર્યો હતો, અને શિવપુરાણમાં એનું વર્ણન મળે છે. પ્રાચીનકાળમાં ભીમા નામનો એક રાક્ષસ હતો. ભીમા કુંભકર્ણનો પુત્ર હતો. ભીમાનો જન્મ તેના પિતાના મૃત્યુ પછી થયો હતો. ભીમા જ્યારે મોટો થયો ત્યારે તેની માતાએ તેને પિતાના વધની કથા કહી, જેથી તે ભગવાન રામને પોતાના પિતાની હત્યાના દોષી માની બદલો લેવાનું નક્કી કર્યું હતું.

ભીમાએ તપ દ્વારા બ્રહ્માજીને પ્રસન્ન કરી સૌથી શક્તિશાળી બનવાનું વરદાન માગી લીધું. જે બાદ તેણે દેવલોક અને પૃથ્વી લોકમાં હાહાકાર મચાવ્યો. તેણે જુદા જુદા પ્રદેશો જીતતા આસામના કામરુપ પ્રદેશ પર પણ કબ્જો કર્યો, અને તેનાં રાજાને પકડીને પોતાની જેલમાં નાખી દીધા. રાજા સુદિક્ષણ ભગવાન શિવના પરમ ભક્ત હતાં. તેમણે જેલમાં જ માટીથી શિવલિંગ બનાવી પૂજા કરવાનું શરું કરતાં, રાક્ષસ ભીમ ક્રોધાયમાન થયો, અને તેણે પોતાના ખડગથી શિવલિંગ પર વાર કરવાનો પ્રયાસ કર્યો. આ સાથે જ ચારેતરફ દિવ્ય તેજ ફેલાઈ ગયું, અને લિંગમાંથી સ્વયં શિવ પ્રગટ થયા. રાક્ષસ ભીમા અને શંકર વચ્ચે તુમૂલ યુદ્ધ થયું, અને ભગવાન શિવે ભીમાને શક્તિહીન કરી મારી નાખ્યો. ભીમા રાક્ષસના અત્યાચારથી મુક્ત થયેલા દેવાતોએ શિવજીને પ્રાર્થના કરી કે તેઓ કાયમ માટે અહીં જ વાસ કરે, અને પ્રસન્ન ભગવાન શિવે લિંગ સ્વરુપે પોતાનું સ્વરુપ પ્રસ્થાપિત કર્યું. ત્યારથી આ જ્યોતિર્લિંગનું નામ ભીમા શંકર પડી ગયું. અહીં મંદિર પ્રાંગણમાં જ દેવી પાર્વતીનું મંદિર અને મોક્ષ કુંડ, સર્વતીર્થ કુંડ, જ્ઞાન કુંડ અને કુષારણ્ય કુંડ આવેલા છે. જેમાં કુષારણ્ય કુંડ ભીમ નદીનું ઉદ્ગમ સ્થાન પણ માનવામાં આવે છે.

તો આ છે આપણા સૌના હૃદયમાં કરુણા રૂપે નિવાસ કરતાં ભગવાન શિવનાં જ્યોતિર્લિંગ સ્વરૂપની ગાથા. જયોર્તિલિંગનાં દર્શને જઈ શકાય નહીં, તો પણ એનાં મહાત્મ્યનુ ચિંતન કરવાથી એ દિવ્ય પ્રકાશ આપણાં આત્મલિંગને પ્રકાશિત કરીને જીવન દિવ્ય તરફ ગતિ કરશે. ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા. ( ભાવનગર)

### શહેર પોલીસ દ્વારા ઠેકઠેકાણે ડ્રાઇવ યોજાઇઃ છરી, દેશી-વિદેશી દારૂના વેચાણ તથા કેફી પ્રવાહી પી વાહન ચલાવનારા ઝપટે

# છરી-દારૂ સાથે પીધેલા ૧૭ ઝડપાયા

## છરી સાથે પોલીસે ૪ને, દેશી અને વિદેશી દારૂ સાથે ૧૦ને અને ડમડમ થઈ વાહન ચલાવવાના ૩ કેસ

રાજકોટ તા. ૨૩

શહેરના વિવિધ વિસ્તારોમાંથી જાહેરનામાનો ભંગ કરી ગેરકાયદેસર ધારદાર છરી સાથે નીકળેલા ૪ શખ્સો સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન હેઠળ ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર પાસે જાહેર રોડ પરથી રૂ. ૫૦ ની કિંમતની છરી સાથે રવી ભગુભાઇ રાઠોડ (ઉ.વ. ૨૪, ધંધો-મજુરી, રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા કવાટર નં-૧૨૧૩, જામનગર રોડ, રાજકોટ) પકડાયેલ છે. બી ડીવીઝન પોલીસ મથક હેઠળ ચપકનગર મેઈન રોડ પર ત્રિલોક મહાદેવ મંદિર સામેથી ધારદાર છરી સાથે વિનોદ જીતેન્દ્રભાઇ વ્યાસ (ઉ.વ. ૪૦, ધંધો-મજુરી, રહે. સંતકબીર રોડ, ગઢીયાનગર શેરી નં. ૧૩, રાજકોટ) પકડાયો છે. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાલાવડ રોડ પર મોટામવા સ્મશાન પાસેથી રૂ. ૫૦ ની છરી સાથે વનરાજ ભિખાભાઇ વાઘેલા (ઉ.વ. ૨૫, ધંધો-મજુરી, રહે. મારૂતી ચોક, નાનામવા, રાજકોટ) પકડાયેલ છે. આ ઉપરાંત, કુવાડવા રોડ પોલીસ સ્ટેશન હેઠળ અમદાવાદ-રાજકોટ હાઈવે પર સાત હનુમાન મંદિર નજીક રોડ પરથી રૂ. ૫૦ની સ્ટીલના પાનાવાળી છરી સાથે ચંદ્રકાંત હરીભાઇ પાલા (ઉ.વ. ૫૦, ધંધો-મજુરી, રહે. માણેક પાર્ક એપાર્ટમેન્ટ, ફ્લેટ નં એ-૩૦૭, મયુરનગર મેઇન રોડ, રાજકોટ) ઝડપાયેલ છે.





દારૂના જથ્થા સાથે પકડાયેલા આરોપીઓ

શહેરમાં દેશી તથા વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલા આરોપીઓ સામે પોલીસે પ્રોહીબિશન એક્ટ હેઠળ કુલ ૧૦ દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

વિગતો જોઈએ તો બી ડીવીઝન પોલીસે મોરબી રોડ, એમ.આર.એફ. ટાયરના શો રૂમ સામેથી વિદેશી દારૂના ૧૨ નંગ ચપલા (કિં. રૂ. ૧,૨૦૦) સાથે પ્રવીણ ગોવીંદભાઈ ગઢવી (ઉ.વ. ૩૫, ધંધો-મજુરી, રહે. બેડીપરા શ્રમજીવી સોસા. શેરી નં. ૮, રાજકોટ)ની અટકાયત કરી છે. થોરાળા પોલીસ સ્ટેશન હેઠળ નવા થોરાળા વિજયનગર શેરી નં. ૬(બ) સ્થિત ''દાદાની કૃપા'' મકાનમાંથી વિદેશી દારૂની ૧૩ બોટલ અને ૫ ચપલા (કુલ કિં. રૂ. ૯,૬૮૧)ના જથ્થા સાથે મનોજ ઉર્ફે હકો અમરાભાઇ વાણીયા (ઉ.વ. ૩૪) પકડાયેલ છે, જ્યારે તેનો સાગરીત પરેશ અમરાભાઇ વાણીયા હાજર મળી આવ્યો ન હતો. ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસે ક્રિષ્ટલ મોલ પાસે આઇ.ઓ.સી. સોસાયટી રોડ પરથી વિદેશી દારૂની ૧ બોટલ (કિં. રૂ. ૨,૦૦૦/) સાથે હિરેન ભીખુભાઇ કાનાબાર (ઉ.વ. ૪૦, ધંધો-ખાનગી નોકરી, રહે. શિલ્પન વિલા એપાર્ટમેન્ટ, જ્યોતિનગર ચોક પાસે, રાજકોટ)ને ઝડપી લીધો હતો. તાલુકા પોલીસે ગીરનાર સોસાયટી શેરી નં. ૦૪ માંથી પોતાના મકાનમાં રાખેલ વિદેશી દારૂના ૧૦ ચપલા (કિં. રૂ. ૧,૦૦૦) સાથે જયપાલસિંહ ભાવસિંહ બારડ (ઉ.વ. ૪૦, ધંધો-ડ્રાઈવીંગ, રહે. ગીરનાર સોસા. શેરી નં. ૦૪, રાજકોટ)ને પકડી પાડ્યો હતો.

જ્યારે દેશી દારૂના કેસ જોઈએ તો કુવાડવા રોડ પોલીસે કુવાડવા ગામ શક્તિ હોટલ પાછળથી ૪ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૮૦૦) સાથે રોહિત પરસોતમભાઇ બાહુકીયા (ઉ.વ. ૨૨, રહે. કુવાડવા ગામ, હુડકો ક્વાટર) તથા માલીયાસણ ચોકડી પાસે કેબીન આગળથી ૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧,૦૦૦) સાથે ગગજી જગમાલભાઇ પરમાર (ઉ.વ. ૪૫, રહે. જમના પાર્ક શેરી નં. ૩, મોરબી રોડ, રાજકોટ) ની અટકાયત કરી છે. થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી ૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧,૦૦૦) સાથે જોશનાબેન વા/ઓ સામંત બાવળીયા (ઉ.વ. ૪૦, રહે. ચુનારાવાડ શેરી નં. ૦૨, રાજકોટ) ને પકડ્યા હતા. પ્રદ્યુમનનગર પોલીસે રૂખડીયાપરા સેન્ટ્રલ જેલ પાછળથી ૧૦ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૨,૦૦૦) સાથે મનિષાબા ભરતસિંહ રાણા (ઉ.વ. ૩૫, રહે. રૂખડીયાપરા, રાજકોટ)ની અટકાયત કરી હતી. યુનિ. પોલીસે કિડની હોસ્પિટલ પાછળ શાંતિનગર મફતીયાપરા રોડ પરથી ૫૦ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧૦,૦૦૦ રાખવા બદલ શિલ્પાબેન અમરભાઇ ભોણીયા (ઉ.વ. ૩૨, રહે. યુનીવર્સીટી રોડ, બી.ટી. સવાણી હોસ્પીટલ પાસે ઝુપડામાં) સામે ગુનો નોંધ્યો છે તેમજ તાલુકા પોલીસે પુનીતનગર સર્કલ ઝુપડપટી પાસેથી ૬ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧,૨૦૦) સાથે વિજય ઉર્ફે હરેશ ભીખાભાઇ વાઘેલા (ઉ.વ. ૨૩, રહે. પુનીતનગર સર્કલ ઝુપડપટી, રાજકોટ) ને ઝડપી લીધો હતો.

દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવતા ઝડપાયેલા આરોપીઓ

જાહેરમાં કેફી પ્રવાહી પીને વાહન ચલાવી નીકળેલા અને લોકોના જીવ જોખમમાં મુકનારા ૦૩ ચાલકો સામે પણ પોલીસે પ્રોહીબિશન અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુના નોંધ્યા છેઃ

કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ નવાગામ આણંદપર દેવનગર ઢોરા પાસે જાહેરમાં કેફી પ્રવાહી પીધેલી હાલતમા એક્સેસ ૠઉ-૦૩-ક્જ-૪૪૧૭ ચલાવી નીકળેલ ચાલક માર્ટીન રણજીતસિંહ ઝાલા (ઉ.વ. ૫૫, ધંધો-ખાનગી નોકરી, રહે. બ્લોક નં ૧૦૫, જય એપાર્ટમેન્ટ, ગેબનશા પીરની દરગાહ પાસે, ૫-જંકશન પ્લોટ, રાજકોટ) ઝડપાઇ ગયો હતો. આ ઉપરાંત, થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાવનગર રોડ પર રાજમોતી મીલ સામે જાહેર રોડ પરથી કેફી પ્રવાહી પીધેલી હાલતમાં પોતાની એક્સેસ મોટરસાઇકલ ૠઉ-૩૬-અઇ-૪૪૨૭ ચલાવતા ધવલ પ્રફુલ ડાંગર (ઉ.વ. ૨૫, ધંધો-ખાનગી નોકરી, રહે. જંગલેશ્વર, રાધા-કૃષ્ણ નગર શેરી નં ૧૮, રાજકોટ) તથા મોટરસાઇકલ ૠઉ-૦૩-ક્જ-૨૩૪૪ પીધેલી હાલતમાં ચલાવતા સંજય લઘરાભાઇ સોલંકી (ઉ.વ. ૨૩, ધંધો-મજુરી, રહે. માજોઠીનગર મેઇન રોડ, દુધસાગર રોડ, રાજકોટ) ને પોલીસે સ્થળ પરથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.


# રાજકોટ ગ્રામ્યમાં જુગાર દરોડા : ૩૫ ઝડપાયા

## ગોંડલ, ઉપલેટા અને જેતપુર પંથકમાં પોલીસના દરોડા : ૩,૪૦૧૨૦નો મુદ્દામાલ કબજે

રાજકોટ, તા.૨૩

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ દ્વારા જુગારની પ્રવૃત્તિઓ પર કડક અંકુશ મેળવવા માટે વિશેષ ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે ગોંડલ, ઉપલેટા અને જેતપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા કુલ ૩૫ થી વધુ આરોપીઓને પોલીસે ઝડપી પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગોંડલ ભવનાથ વિસ્તારમાં મહિલાઓ અને પુરુષો દ્વારા રમાતો જુગાર પકડાયો ગોંડલ બી ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યે ભવનાથ-૨ રેલવેના પાટા સામે આવેલ અતુલભાઈ રવજીભાઈ હરખાણીના ઘર સામે જાહેરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી ૮ સ્ત્રીઓ અને ૧ પુરુષ એમ ૯ આરોપીઓને જુગાર રમતા ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં અતુલ રવજીભાઈ હરખાણી, સોનલ અતુલભાઈ હરખાણી, હંશા હરીભાઈ જાદવ, સરોજ જયપ્રકાશ જોષી, કૈલાશ કિશોરભાઈ મકવાણા, ભાનુ નાથાભાઈ વાઢેર, હીના ચેતનભાઈ સોલંકી, અંજલી મયુરસિંહ સોલંકી અને ધનીબેન ચેતનભાઈ સોલંકીનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ જાહેરમાં ગંજીપાનાના પાના વડે પૈસાની હારજીતનો તિનપત્તીનો નસીબ આધારિત જુગાર રમી રહ્યા હતા, જેમની પાસેથી પોલીસે રોકડ રકમ રૂપિયા ૩,૭૪૦/- તેમજ ગંજીપાનાના કુલ પાના નંગ પરથી જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધીને ગોંડલ બી ડિવીઝન પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુંદાળા ગામે સાંકળી શેરીમાં જાહેરમાં એ-બીટ ગોટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર રમાતો હોવાની માહિતી મળતા પોલીસે કાર્યવાહી કરી હતી. આ દરોડા દરમિયાન પોલીસે ગોંડલ તાલુકાના ગુંદાળા ગામના સાંકળી શેરીમાં રહેતા રોહિત ઓઘડભાઈ ચૌહાણ, લાલજી શામજીભાઈ સાકરીયા, વિજય વલ્લભભાઈ જેઠવા, વિશાલ નીતિનભાઈ ડાભી, અશ્વિન પાંચાભાઈ રાઠોડ, બીપીન ડાભી અને મહેશ ઉર્ફે કાનો ભગવાનજીભાઈ ગોહેલને ઝડપી લીધા હતા. આ તમામ શખ્સો ભેગા મળી જાહેરમાં ગોળ કુંડાળું વળી તિનપત્તીનો જુગાર રમી રહ્યા હતા, જેમની પાસેથી પોલીસે રૂા. ૩,૦૦૦/- ની રોકડ રકમ અને જુગારનું સાધન જપ્ત કરી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી પો.હેડ. કોન્સ. ધર્મેન્દ્રસિંહ દાનુભા જાડેજા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જ્યારે ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોબાની ગારીવાળી સીમમાં, જીબરીશ અતુલભાઈ બારેયાની વાડીએ આવેલા મકાનમાં પોલીસે બાતમીના આધારે મોટી રેડ પાડી હતી. આ દરોડામાં પોલીસે જીબરીશ અતુલભાઈ બારેયા, અલ્પેશ ઉર્ફે કાલી ભાદાભાઈ ચંદ્રવાડીયા, મયુર અતુલભાઈ બારેયા, ભરત ઉર્ફે લાલો મનજીભાઈ વિંગુડા, નરેશ વિરમભાઈ ઉરડીયા, નરેન્દ્ર ઉર્ફે નરેશ વજશીભાઈ કંડોરીયા, હર્ષદ ભીમાભાઈ ચૌહાણ અને અક્ષય દેવશીભાઈ બારેયા નામના શખ્સોને પકડી પાડ્યા હતા. મુખ્ય આરોપી જીબરીશ અતુલભાઈ દ્વારા પોતાના આર્થિક ફાયદા માટે અન્ય આરોપીઓની મદદથી તિનપત્તીનો નસીબ આધારિત જુગારનો મોટો અખાડો ચલાવવામાં આવી રહ્યો હતો. પોલીસે આ દરોડા દરમિયાન કુલ રૂા. ૧,૭૫,૦૦૦/- રોકડા, ૮ નંગ મોબાઇલ ફોન જેની કિંમત રૂા. ૧,૨૬,૦૦૦/-, ગંજીપાનાના પાના અને પાથરણા સહિત કુલ રૂા. ૩,૧૩,૦૦૦/- નો મસમોટો મુદ્દામાલ જપ્ત કરી ઉપલેટા પોલીસ સ્ટેશનમાં કલમ ૪, ૫ મુજબ ગુનો નોંધી એચ.એન.ચાવડા એ.એસ.આઈ. દ્વારા આગળની કાયદેસરની તપાસ ચલાવવામાં આવી રહી છે.

આ ઉપરાંત જેતપુર સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુનાપાંચપીપળા રોડ પર દીપાલી ડાઈંગ પાછળ આવેલા મકાનમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસે મેહુલ નરેશભાઈ દેવાંકા, આશીષ ઉર્ફે ભુરો અશોકભાઈ તળાજીયા, નીલેશ વીણુભાઈ મકવાણા, સાગર મહેશભાઈ મકવાણા, હાર્દિક રણછોડભાઈ સાકરીયા, પ્રજેશ શાંતીભાઈ મેઘનાથી, ખુશી વિજયભાઈ ગુજરાતી, અને સંધ્યા મેહુલભાઈ દેવાંકાને ઝડપી લીધા હતા. મુખ્ય આરોપી મેહુલભાઈ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગારનું સાહિત્ય તથા સુવિધા પૂરી પાડી નાલ ઉઘરાવીને તિનપત્તીનો જુગાર રમાડવામાં આવી રહ્યો હતો. પોલીસે આ દરોડા દરમિયાન રોકડ રૂા. ૨૦,૩૮૦/- તેમજ ગંજીપાનાના પાના જપ્ત કરી જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધી એ.એસ.આઈ. એમ.જે. ડોડીયા દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ફરેણી રોડ પર રહેતા ૩૪ વર્ષીય રવીભાઈ લાલકીયા નામના મજૂર યુવકે છેતરપિંડી અંગે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી


# લગ્ને લગ્ને કુંવારી યુવતી ૧.૭૦ લાખ પડાવી ૪ દિવસમાં છૂ

## 'લૂંટેરી દુલ્હન' ગેંગના ત્રણ સામે ધોરાજીમાં ગુનો : મહારાષ્ટ્રની પૂજા, નીલેશ અને જામનગરની વર્ષાનો ગેંગમાં સમાવેશ

રાજકોટ, તા.૨૩

રાજકોટ ગ્રામ્યના ધોરાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગ્ન કરાવવાની લાલચ આપી યુવક સાથે રૂ. ૧.૭૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ફરેણી રોડ પર રહેતા ૩૪ વર્ષીય રવીભાઈ મનસુખભાઈ લાલકીયા નામના મજૂર યુવકે પોતાની સાથે થયેલી આ છેતરપિંડી અંગે ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગતો અનુસાર, રવીભાઈના લગ્ન થતા ન હોવાથી તેમણે તેમના ભાઈ પ્રદીપભાઈને વાત કરી હતી. આશરે પાંચ મહિના પહેલાં પ્રદીપભાઈનો સંપર્ક જામનગરના વર્ષાબેન અને મહારાષ્ટ્રના નિલેશ તાયડે સાથે થયો હતો, જેમણે નાગપુરની પૂજા મનોજ બાવળે નામની યુવતી સાથે લગ્ન કરાવવાની ખાતરી આપી હતી. આ માટે ખર્ચા પેટે રૂ. ૧,૭૦,૦૦૦ નક્કી કરવામાં આવ્યા હતા.



ગામ ધોરાજી ખાતે વકીલની ઓફિસે સંમતિ કરાર કર્યા બાદ નિલેશ તાયડેને રોકડા તથા ઓનલાઇન ટ્રાન્સફર (ૠજ્ઞજ્ઞલહય ઙફુ) દ્વારા કુલ રૂ. ૧,૭૦,૦૦૦ ચૂકવી આપવામાં આવ્યા હતા. ત્યારબાદ જૂનાગઢ નગરપાલિકા ખાતે મેરેજ રજિસ્ટ્રેશન કરીને વિધિવત લગ્ન કરવામાં આવ્યા હતા.

જોકે, લગ્નના ગણતરીના ચાર જ દિવસમાં પૂજા ઘરમાંથી અચાનક ગાયબ થઈ ગઈ હતી. યુવકે તથા પરિવારે તેની શોધખોળ કરી હતી પરંતુ તે મળી આવી નહોતી. વચેટિયા નિલેશ તાયડેને આ અંગે પૂછતાં તેણે શરૂઆતમાં ગોળગોળ જવાબો આપ્યા હતા અને બાદમાં પોતાનો ફોન બંધ કરી દીધો હતો. પૈસા પરત ન મળતાં અને છેતરપિંડી થઈ હોવાનું જણાતાં રવીભાઈએ પોલીસના શરણે જવાનું નક્કી કર્યું હતું.

ધોરાજી સીટી પોલીસે રવીભાઈની ફરિયાદના આધારે નીલેશ અર્જુન તાયડે (રહે. સિરવાવ પાંડેરી, જી. યવતમાળ, મહારાષ્ટ્ર) પૂજા મનોજ બાવળે (રહે. ભામેવાડા, જી. નાગપુર, મહારાષ્ટ્ર) વર્ષાબેન (રહે. જામનગર) સામે બી.એન.એસ. (ઈગજ) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ અશ્વિનકુમાર બી. કાકડીયા આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે.

### રાજકોટના સરધાર નજીક ગઢકા ગામે મંદિરની ગાદી બાબતે બબાલ

# પ્રભુના પગલાં-ઠાકર મંદિરમાં સાધુ બાખડયા

## રામદાસ અને હનુમાનદાસના જૂથ વચ્ચે જામી પડીઃ ૪૦ થી ૫૦ના ટોળા સામે આજીડેમ પોલીસમાં ગુનો



રાજકોટ તા. ૨૩

ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન ગઢકા ગામનું 'પ્રભુના પગલાં' (ઠાકર મંદિર) રાત્રે રણમેદાનમાં ફેરવાઈ ગયું હતું. મંદિરની ગાદી અને વર્ચસ્વ મેળવવાની ઘેલછામાં બે સાધુઓ અને તેમના ૪૦થી ૫૦ જેટલા સમર્થકો જાહેરમાં સામસામે આવી જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પવિત્ર પરિસરમાં ગાળાગાળી અને ઉગ્ર અશાંતિ સર્જાતા આખરે પોલીસ કાફલાએ સ્થળ પર દોડી જઈ પરિસ્થિતિ થાળે પાડી હતી અને બંને સાધુઓ સહિત સમગ્ર ટોળા સામે કાયદાકીય શિકંજો કસ્યો હતો.

વિગતો જોઈએ તો શહેર નજીક સરધાર તાબેના ગઢકા ગામ ખાતે પ્રભુના પગલાં તરીકે ઓળખાતી જગ્યાના ઠાકર મંદિરની ગાદી અને વર્ચસ્વને લઈને બે સાધુઓ વચ્ચે ચાલી રહેલો વિવાદ ઉગ્ર બન્યો હતો. મંદિર પરિસરમાં જાહેર શાંતિનો ભંગ કરી ઉગ્ર બોલાચાલી અને ઝઘડો કરવા બદલ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવ અંગે પોલીસ કંટ્રોલ રૂમને કોલ મળતા જ કાફલો દોડી ગયો હતો. આજીડેમ પોલીસ સ્ટેશનના પીસીઆર ઇનચાર્જ પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ. આર. સાંગાએ નોંધાવેલી ફરિયાદ મુજબ રાત્રે કંટ્રોલ રૂમ તરફથી ગઢકા ગામે મંદિર ખાતે ઝઘડો થતો હોવાની માહિતી મળી હતી. પીસીઆર ટીમે ઘટનાસ્થળે પહોંચીને જોયું તો આશરે ૪૦ થી ૫૦ લોકોનું ટોળું ભેગું થઈ સામસામે ગાળો બોલી રહ્યું હતું.

બે સાધુઓ અને તેમના સમર્થકો વચ્ચે વિવાદ પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે રામદાસ ગુરુ રામચરણદાસ અને હનુમાનદાસ ગુરુ દ્વારકાદાસ નામના બે સાધુઓ વચ્ચે સ્થાનિક ઠાકર મંદિરની ગાદીને લઈને વિવાદ ચાલે છે. બંને સાધુઓ અને તેમના અનુયાયીઓ સામસામે આવી જતાં સ્થિતિ વણસી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પીસીઆર ૧૧૨ તથા સરધાર આઉટપોસ્ટના પીએસઆઈ એસ.એલ. ગોહિલ સહિતના પોલીસ કાફલાએ સ્થળ પર પહોંચી ટોળાને વિખેર્યું હતું. પોલીસે બંને સાધુઓ સહિત ૪૦ થી ૫૦ લોકોના ટોળા વિરુદ્ધ બી.એન.એસ. (ઇગજ) કલમ ૧૯૪(૨) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### શહેરમાં બાપ કમાઈના બાબુડિયાઓનો આતંક યથાવત્

# બુલેટ ચાલકે વૃદ્ધને અડફેટે લેતા મોત

## રેસકોર્સ રિંગરોડ પરનો બનાવ : બુલેટ ચાલક સામે ગુનો નોંધવા પોલીસની તજવીજ








રાજકોટ, તા.૨૩


રાજકોટ શહેરમાં બેફામ અને બેદરકાર વાહનચાલકોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે, જેમાં ખાસ કરીને રફતારના શોખીન અને કાયદાની કોઈ પરવાહ ન કરતા બાપ કમાઈના બાબુડિયાઓની બેફામ ડ્રાઈવિંગ શૈલી હવે નિર્દોષ નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ રહી છે. શહેરમાંઅત્યંત પોશ અને ગીચ ગણાતા રેસકોર્સ રિંગરોડ પર કિસાનપરા ચોક પાસેથી પસાર થઈ રહેલા એક પૂરપાટ ઝડપી બુલેટ ચાલકે સાયકલ સાથે રસ્તો ઓળંગી રહેલા લક્ષ્મીનગર ૧૦-૧૨ના ખૂણે રહેતા જગદીશ ચંદુલાલ રુપાણી( ઉ.૭૦) નામના વૃદ્ધને જોરદાર ટક્કર મારીને અડફેટે લીધા હતા. ગંભીર રીતે ઘાયલ વૃદ્ધને હોસ્પીટલે ખસેડાયા હતા પણ ત્યાં તેમનું મૃત્યુ થયું હતું. આ ગઝબની રફતાર અને બેદરકારીના કારણે અકસ્માત સર્જાતાની સાથે જ સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. એ ડીવીઝન પોલીસે એ.કે.મંજિલ , ૧૬- હાથીખાના, રામ મઢી પાસે, પિતૃકૃપામાં રહેતા હસીન હુસેન મકબૂલના બુલેટ ચાલક સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

ઘટનાની ગંભીરતાને જોતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. એ ડિવીઝન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. પરાક્રમસિંહ સહિતનો પોલીસ કાફલો પણ તાત્કાલિક મોકા પર પહોંચી ગયો હતો અને ઘાયલ વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, અકસ્માત એટલો ગંભીર અને ભયાનક હતો કે હોસ્પિટલ પહોંચતાની સાથે જ ગણતરીની મિનિટોમાં જ અપરણિત જગદીશ ચંદુલાલ રુપાણી( ઉ.૭૦) કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જેના કારણે પરિવારજનો અને નગરજનોમાં ભારે શોક અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

હાલ પોલીસે મૃતકની લાશને સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજ ખાતે સુરક્ષિત રાખીને તેમના વાલી વારસની શોધખોળ કરતા કહેવાય છે કે પોલીસને મૃતકના ભત્રીજાનો સંપર્ક થઇ ગયો છે અને આજે સોમવારે બુલેટ ચાલક સામે વિધિવત ગુનો નોંધવામાં આવશે તેવું પોલીસે જણાવ્યું હતું. શહેરમાં બેફામ વાહનો ચલાવતા તત્વો સામે ટ્રાફિક પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવે તેવી લોકમાં માગ ઉઠી રહી છે.

# નવ ભેંસ અને છ પાડરૂ મુક્ત કરાવતા પશુપ્રેમી

## રાજકોટ-અમદાવાદ હાઈવે પરથી પકડાયેલા શખ્સો સામે કુવાડવા રોડ પોલીસ સ્ટેશને નોંધાયો ગુનો



રાજકોટ, તા.૨૩

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવે પર દ્વારકાધીશ હોટલ નજીકથી પશુઓ પ્રત્યે ઘાતકીપણું દાખવી ગેરકાયદેસર રીતે હેરાફેરી કરાતી ૯ ભેંસો અને ૬ નાના પારૂ (પાડરૂ) ભરેલી ટ્રકને જીવદયા પ્રેમીઓએ ઝડપી પાડી પોલીસ હવાલે કરી છે. આ મામલે કુવાડવા રોડ પોલીસ મથકમાં પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ અને મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી હકીકત મુજબ, ગંજીવાડા વિસ્તારમાં રહેતા અને કૃપા ફાઉન્ડેશન નામના જીવદયા ટ્રસ્ટમાં સેવા આપતા ગૌતમભાઈ રસીકભાઈ મકવાણા અને તેમના સાથીદારોને બાતમી મળી હતી કે ધોરાજી તરફથી એક ટ્રક (રજી નં. ૠઉં-૦૧-ઉણ-૭૫૭૨) ક્રૂરતાપૂર્વક ભેંસો ભરીને પસાર થવાનો છે. આ બાતમીના આધારે જીવદયા પ્રેમીઓની ટીમે ગ્રીનલેન્ડ ચોકડી અને હાઈવે પર વોચ ગોઠવી હતી.

મોડી રાત્રે આશરે એક વાગ્યાના સુમારે હાઈવે પર ત્રિ-મંદિરના પુલ પહેલાં એક શંકાસ્પદ ટ્રક ઉભેલી જોવા મળી હતી. તપાસ કરતા ટ્રકમાં ૯ ભેંસ અને ૬ નાના પાડરૂ ટૂંકા દોરડાથી ખીચોખીચ બાંધેલા હતા. પશુઓ માટે ઘાસ, ચારા કે પાણીની કોઈ જ વ્યવસ્થા રાખવામાં આવી નહોતી. ટ્રક ચાલક પાસે પશુ ચિકિત્સકનું કે સક્ષમ અધિકારીનું કોઈ પાસ-પરમિટ કે પ્રમાણપત્ર નહોતું.

બનાવ અંગે ૧૧૨ પર જાણ કરાતા કુવાડવા રોડ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ટ્રકના ડ્રાઈવર ભાવેશભાઈ રમેશભાઈ ધરમનાથ (ઉં.વ. ૨૯) અને કલીનર હાર્દિકભાઈ ભરતભાઇ ઘોયલ (ઉં.વ. ૨૦) (બંને રહે. સુલતાનાબાદ, તા. માણાવદર, જી. જુનાગઢ) વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ. આઈ. શૈલેન્દ્રસિંહ જાડેજાને સોંપી છે.

### રાજકોટમાં નંબર પ્લેટ વગરની એક્ટીવા ચલાવનાર સામેં સોશિયલ મીડિયામાં વાયરલ ફોટોના આધારે ઓળખ કરી કાર્યવાહી

# એક્ટીવા ચાલક-પેટ્રોલ પંપના કર્મચારી સામે ગુનો

## રેલનગરના વિવેક ફ્યુઅલ પંપ ખાતે બનાવઃ ઈ-ચલાણ અને સીસીટીવીથી બચવા નંબર પ્લેટ વગર વાહન ચલાવતા તત્વો સામે લાલ આંખ

રાજકોટ તા. ૨૩

શહેર પોલીસ કમિશનર દ્વારા નંબર પ્લેટ વગરના તથા પ્લેટમાં છેડછાડ કરેલા વાહનો સામે આકરા પગલાં લેવા અંગે બહાર પાડવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલ પ્ર.નગર પોલીસ સ્ટેશન દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક ફોટોના આધારે તપાસ ચલાવીને પોલીસે નંબર પ્લેટ વગર એક્ટીવા ચલાવનાર શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધ્યો છે.

પોલીસ હેડ કોન્સ્ટેબલ ચાપરાજભાઈ ભુપતભાઈ ખવડની ફરિયાદ મુજબ, સોશિયલ મીડિયા પર એક ગ્રે કલરની નંબર પ્લેટ વગરની એક્ટીવામાં એક શખ્સ પેટ્રોલ પુરાવતો હોય તેવો ફોટો વાયરલ થયો હતો. આ ફોટો રેલનગર વિસ્તારમાં આવેલા 'વિવેક ફ્યુઅલ' (ભારતીય પેટ્રોલિયમ કંપની) પેટ્રોલ પંપનો હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી સીસીટીવી ફૂટેજ ચકાસતા વાયરલ ફોટો સાચો હોવાનું સામે આવ્યું હતું.

નંબર પ્લેટ વગર વાહન ચલાવનાર ચાલકની ધરપકડ

સીસીટીવીના આધારે તપાસ કરતા એક્ટીવામાં અગાઉ ઈંધણ પૂરનાર પેટ્રોલ પંપના કર્મચારી દીપપાલસિંહ વિજયસિંહ ચુડાસમાની પૂછપરછ કરવામાં આવી હતી. જેના આધારે વાહન માલિક અને ચાલક અજય લછમણદાસ ચંચલાણી (રહે. ઝુલેલાલ નગર, રાજકોટ) હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં બહાર આવ્યું કે વાહનની પાછળ રજીસ્ટ્રેશન નંબર ૠઉં-૦૩-ઉંૠ-૪૦૧૮ લખેલો હતો, પરંતુ આગળના ભાગે નંબર પ્લેટ લગાવવામાં આવી નહોતી.

રાજકોટ પોલીસ કમિશનર દ્વારા તા. ૧૭/૦૮/૨૦૨૬ થી તા. ૧૬/૧૦/૨૦૨૬ સુધી નંબર પ્લેટ વગરના વાહનો પર પ્રતિબંધ મૂકતું ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ઈ-ચલાણ અને સીસીટીવીથી બચવા તેમજ અકસ્માત કે ગુનાહિત પ્રવૃત્તિ આચરીને ભાગી છૂટવા માટે વાહન ચાલકો આવી રીત અપનાવતા હોય છે.

આ જાહેરનામાનો સરેઆમ ભંગ કરવા બદલ પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા અજય લછમણદાસ ચંચલાણી તથા પેટ્રોલ પંપના કર્મચારી દીપપાલસિંહ ચુડાસમા વિરુદ્ધ કાયદેસરની ગુન્હાહિત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### રાજકોટમાં પ્રેમસંબંધ અને લગ્નની લાલચે દુષ્કર્મ અને ગર્ભપાતની ગંભીર ઘટના

# જેતપુરની યુવતી પર રાજકોટમાં દુષ્કર્મ

## ડેડરવાના કોલેજીયન ચિંતન ભરત મકવાણાને શોધવા એ-ડિવિઝન પોલીસના ચક્રો ગતિમાન

રાજકોટ, તા.૨૩

રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને સંવેદનશીલ ઘટના સામે આવી છે, જેમાં યુવતીને લગ્નની લાલચ આપીને તેની સાથે અલગ-અલગ સ્થળોએ અવારનવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનું તેમજ ગર્ભ રહી જતાં બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવ્યાની ગંભીર વિગતો બહાર આવી છે. આ મામલે પોલીસે ભોગ બનનાર યુવતીની ફરિયાદના આધારે જેતપુરના ડેડરવા ગામના શખ્સ સામે કલમ ૩૭૬(૨)(એન) અને ૩૧૨ મુજબ ગુનો નોંધીને કાયદેસરની સઘન તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, હાલ નાના મવા સર્કલ પાસે સિલ્વર સ્ટોન ખાતે પરમેશ્વર હાઉસમાં એકલા રહેતા અને કાલાવાડ રોડ પર આવેલા શો-રૂમમાં ખાનગી નોકરી તેમજ જુનાગઢની નરસિંહ મહેતા યુનિવર્સિટીમાંથી હિન્દી ભાષામાં પીએચ.ડી. કરી રહેલી યુવતી દ્વારા આ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેઓ સપ્ટેમ્બર-૨૦૨૧માં જેતપુર ખાતે આવેલી બોસમીયા કોલેજમાં બી.એ.નો અભ્યાસ કરતા હતા ત્યારે ત્યાં જ બી.કોમ.માં અભ્યાસ કરતા ચિંતન ભરતભાઈ મકવાણા (રહે. ડેડરવા ગામ, તા. જેતપુર, જી. રાજકોટ) સાથે તેમનો પરિચય થયો હતો. સમય જતાં બંને વચ્ચે મિત્રતા ગાઢ બની હતી અને પ્રેમસંબંધ બંધાયા બાદ ચિંતને અવાર-નવાર ફોન પર તથા સોશિયલ મીડિયાના માધ્યમથી વાતચીત કરી ભવિષ્યમાં લગ્ન કરી લેવાની ખાતરી આપી હતી.

આ પ્રેમસંબંધ દરમિયાન ચિંતન તેમને જુનાગઢ ક્લાસિસ ખાતે જવા-આવવામાં તેમજ ફરવા લઈ જતો હતો અને ત્યારબાદ જૂન-૨૦૨૨માં યુવતી વધુ અભ્યાસ માટે રાજકોટ રહેવા આવી ત્યારે પણ ચિંતન રાજકોટ અવારનવાર મળવા આવતો હતો. ફેબ્રુઆરી-૨૦૨૩માં રાજકોટના કિસાનપરા ચોક પાસે પટેલ આઈસક્રીમની બાજુમાં આવેલી એસ.એસ. ઈન હોટેલ ખાતે ચિંતન તેમને લઈ ગયો હતો અને લગ્ન કરવાની લાલચ આપી પ્રથમ વખત શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ પણ તેઓ



અગાઉની જેમ આ જ હોટેલમાં અનેક વખત મળ્યા હતા અને શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન જુલાઈ-૨૦૨૪માં યુવતીને બે માસની પ્રેગ્નેન્સી રહી જતાં તેણે ચિંતનને આ બાબતની જાણ કરી હતી, જેથી ચિંતને થોડા દિવસો પછી ગર્ભપાત કરવાની દવા મોકલી આપી હતી અને તે દવાથી પ્રેગ્નેન્સી કઢાવી નાખવામાં આવી હતી.

આ ઘટના બાદ વર્ષ ૨૦૨૫ દરમિયાન તેઓ ચોટીલા ચામુંડા માતાજીના મંદિરે ગયા હતા જ્યાં ચિંતને સેથો પૂરીને માતાજીની સાક્ષીમાં પત્ની તરીકે સ્વીકાર કર્યો હોવાનું પણ ખૂલ્યું છે. જો કે, તે પછી ચિંતન અવારનવાર બહાના બતાવીને લગ્ન કરવાનું ટાળતો રહ્યો હતો. ગત તા. ૦૫/૦૮/૨૦૨૬ના રોજ વડિયા (જી. અમરેલી) ખાતે વકીલને મળીને કોર્ટ મેરેજ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને ચિંતને યુવતીને નવાગઢ ઉતારીને સાથે વડિયા જવાનું કહ્યું હતું, પરંતુ નવાગઢ બસ સ્ટેપ પર પહોંચતા જ યુવતીના મમ્મી અને મોટાભાઈ મળી આવ્યા હતા કેમ કે ચિંતને અગાઉથી જ યુવતીના પરિવારને આખી વાતની જાણ કરી દીધી હતી.

જ્યારે આ બાબતે યુવતીએ સ્પષ્ટતા માંગી ત્યારે ચિંતન તેને ગોંડલ ચોકડીએથી પોતાના ઘરે લઈ જવાના બહાને જેતપુર તરફ લઈ ગયો હતો અને રસ્તામાં તેના પરિવારને સોંપી દીધો હતો. પરિવાર સાથે જેતપુર ખાતે કુટુંબી ભાઈના ઘરે પહોંચીને ચિંતનને બે-ત્રણ દિવસમાં માતા-પિતા સાથે વાત કરી લગ્ન અંગે નિર્ણય લેવા કહેવામાં આવ્યું હતું, પરંતુ તા. ૧૦/૦૮/૨૦૨૬ના રોજ ચિંતને વોટ્સએપ પર મેસેજ કરી માફી માંગી લીધી હતી અને યુવતીનો મોબાઈલ નંબર બ્લોક કરી દીધો હતો. લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરી છેલ્લે દગો આપી દીધા બાદ આખરે ભોગ બનનાર યુવતીએ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ઉપરોક્ત આરોપી વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. આર.એમ. બરાડિયા અને તપાસ અધિકારી એએસઆઈ નંદાબેન બરાડિયા દ્વારા ચિંતન ભરત મકવાણાને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

### રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મવડી-કણકોટ રોડ પર દરોડો

# ક્રિસ્ટલ હેવન એપાર્ટમેન્ટમાં જુગટૂ ખેલતાં નવ પકડાયા

## દરોડા દરમ્યાન પોલીસે ગંજીપતાના પાના તથા રોકડા રૂ. ૨૧,૮૫૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગારધારા કલમ ૪, ૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



રાજકોટ તા. ૨૩

શહેર તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે ગુપ્ત બાતમીના આધારે મવડી-કણકોટ રોડ પર આવેલા 'ક્રિસ્ટલ હેવન એપાર્ટમેન્ટ'ના એક ફ્લેટમાં રેઈડ પાડીને હાર-જીતનો જુગાર રમી રહેલા ૯ શખ્સોને પકડી પાડ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફ્લેટ માલિક નરેન્દ્ર ઘાડીયા પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અડ્ડો ચલાવતો હતો. દરોડા દરમ્યાન પોલીસે ગંજીપતાના પાના તથા રોકડા રૂ. ૨૧,૮૫૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગારધારા કલમ ૪, ૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પકડાયેલ આરોપીઓના નામ અને સરનામા જોઈએ તોનરેન્દ્ર રવજીભાઇ ઘાડીયા (ઉ.વ.૫૨, ધંધોઃ વેપાર, રહે. ડી-૨૦૪, ક્રીષ્ટલ હેવન એપાર્ટમેન્ટ, ડ્રીમ સીટીની બાજુમાં, મવડી-કણકોટ રોડ) રવી રાજુભાઇ વરૂ (ઉ.વ.૨૭, ધંધોઃ નોકરી, રહે. ધરમનગર શેરી નં.૩, મોમાઇ પાનની સામે, ૪૦ ફુટ રોડ), નિતેશ વસરામભાઇ તારપરા (ઉ.વ.૩૪, ધંધોઃ બાંધકામ રહે. ક્રીષ્નાપાર્ક સોસાયટી શેરી નં.૨, ખોડલ કૃપા મકાન, ૧૫૦ ફુટ રીંગ રોડ)

પરીક્ષીત રસીકભાઇ તારપરા (ઉ.વ.૨૮, ધંધોઃ બાંધકામ રહે. મેટોડા જી.આઇ.ડી.સી., દત્તત્રેય પાર્ક બ્લોક નં.૨, રામદેવ સીરામીક પાછળ, તા. લોધીકા), હીરેન વસરામભાઇ તારપરા (ઉ.વ.૩૨, ધંધોઃ ટાઇલ્સ/સીરામીક રહે. મેટોડા જી.આઇ.ડી.સી., દત્તત્રેય પાર્ક બ્લોક નં.૨, રામદેવ સીરામીક પાછળ, તા. લોધીકા), શુભમ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૩૧, ધંધોઃ સર્વેયર રહે. શિવ ટાઉનશીપ આઇ-૨-૨૦૭, શ્યામલ ઉપવન પાછળ, મવડી પાળ રોડ), વિપુલ મગનલાલ ભાણવડીયા (ઉ.વ.૫૨, ધંધોઃ નોકરી) - રહે. મોરબી રોડ, બેડી ચોકડી, વેલનાથપરાની સામે, શેરી નં.૨૩), રૂત્વિક ગીરધરભાઇ પાનસુરીયા (ઉ.વ.૨૫, ધંધોઃ સીરામીક રહે. ૮૦ ફુટ રોડ, તપન ગાર્ડનની સામે, શિવઓમ હાઇટ્સ બ્લોક નં.૨૦૧, મવડી, રાહુલ ગીરધરભાઇ પાનસુરીયા (ઉ.વ.૩૦, ધંધોઃ સીરામીક રહે. ૮૦ ફુટ રોડ, તપન ગાર્ડનની સામે, શિવઓમ હાઇટ્સ બ્લોક નં.૨૦૧, મવડી) સામેલ છે.

પોલીસે ગંજીપતાના પાના તથા રોકડા રૂ. ૨૧,૮૫૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગારધારા કલમ ૪, ૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે



# સહકારી સંસ્થામાં બન્યા વાઈસ ચેરમેન

## ગાંધીનગર ખાતે મળેલી બેઠક દરમિયાન ડો. બી.આર. આંબેડકર ક્રેડિટ સપ્લાય સોસાયટી ફેડરેશન લિ.ના વાઇસ ચેરમેન તરીકે મનુભાઈ આર. ધાધલની વરણી

ગાંધીનગર, તા.૨૩

રાજ્યની સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા એવી 'ડો. બી.આર. આંબેડકર ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી ફેડરેશન લિ. ગુજરાત રાજ્ય' દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મળેલી સંસ્થાની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ખાસ બેઠકમાં સહકારી ક્ષેત્રના અગ્રણી અને સક્રિય આગેવાન એવા મનુભાઈ આર. ધાધલની સર્વાનુમતે વાઇસ ચેરમેન તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે યોજાયેલી બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની આ બેઠક અતિ ઉત્સાહ અને સહકારના માહોલમાં સંપન્ન થઈ હતી. બેઠક બાદ નવનિયુક્ત વાઇસ ચેરમેન મનુભાઈ આર. ધાધલે ફેડરેશનનો વિધિવત ચાર્જ સંભાળી લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ડાયરેક્ટર્સ અને શ્રેષ્ઠીઓએ મનુભાઈ આર. ધાધલને ફલગુચ્છ અર્પણ કરી અને મોં મીઠું કરાવીને ભવ્ય સ્વાગત કર્યું હતું તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી.

મનુભાઈ આર. ધાધલની ફેડરેશનના વાઇસ ચેરમેન પદે થયેલી આ નિમણૂકથી રાજ્યભરના સહકારી ક્ષેત્રના વર્તુળોમાં અને તેમના સમર્થકોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. ચાર્જ સંભાળ્યા બાદ મનુભાઈ ધાધલે જણાવ્યું હતું કે, તેઓ સંસ્થાના વિકાસ માટે અને સભાસદોના હિતોનું રક્ષણ કરવા માટે પૂરી નિષ્ઠા અને જવાબદારીપૂર્વક કાર્ય કરશે તથા ફેડરેશનને વધુ ઊંચાઈઓ પર લઈ જવા માટે કટિબદ્ધ રહેશે.

### રૈયાધાર કાર્બો સ્ટેશન સામે બનાવઃ લાકડીઓના ઘાને લીધે સાત ટાંકા આવ્યા

# દિકરીઓ સામે જોવા બાબતે યુવક પર હુમલો

## તું અહી જ ઉભો રહેજે, હું હમણાં આવું છું'' કહી ધમકી આપી પછી ધમકી સાચી ઠેરવીઃ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૨૩

શહેરના રૈયાધાર કાર્બો સ્ટેશન પાસે મફતિયા પરા વિસ્તારમાં રહેતા અને ડ્રાઇવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા કિશનસિંહ બહાદુરસિંહ તલાટીયા (ઉં.વ.૩૫) નામના યુવક પર જૂની અદાવતમાં અને બોલાચાલીના કારણે લાકડીઓ વડે હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડવાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે.

ફરિયાદી કિશનસિંહ તલાટીયાના જણાવ્યા અનુસાર, તેમના ઘર પાસે વિસ્તારનો જ જયદીપ વજુભાઈ બોળીયા (ઉં.વ. ૧૪) નામનો કિશોર બેસતો હતો. કિશનસિંહના ઘરમાં સગીર વયની દીકરીઓ હોઇ તેમણે જયદીપને ઘર પાસે ન બેસવા અને દીકરીઓ સામે ન જોવા બાબતે સમજાવ્યો હતો.

ત્યારબાદ, કિશનસિંહે જયદીપના પિતા વજુભાઈ દેવશીભાઈ બોળીયા પાસે જઈને તેમના દીકરા જયદીપને સમજાવવા વિનંતી કરી હતી. આ વાતથી ઉશ્કેરાઈ જઈ વજુભાઈ બોળીયાએ કિશનસિંહને ગાળો આપી ''તું અહી જ ઉભો રહેજે, હું હમણાં આવું છું'' કહી ધમકી આપી હતી.

થોડીવારમાં વજુભાઈ બોળીયા તથા તેના પિતા દેવશીભાઈ બોળીયા બંને લાકડીઓ લઈને ત્યાં ધસી આવ્યા હતા.

વજુભાઈ બોળીયાએ પોતાની પાસે રહેલ કુંડળી વાળી લાકડી વડે કિશનસિંહના માથાના ઉપરના ભાગે જોરદાર ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું.

દેવશીભાઈ બોળીયાએ ગેડી જેવી લાકડી વડે કિશનસિંહના જમણા હાથના ખભા પર ઘા માર્યો હતો. કિશનસિંહ નીચે પડી જતાં બંને આરોપીઓએ તેમને શરીરે, હાથ-પગે તથા પેટના ભાગે આડેધડ લાકડીઓના ઘા મારી મુંઢ ઇજાઓ પહોંચાડી હતી. તેમજ જતાં-જતાં વજુભાઈ બોળીયાએ કિશનસિંહને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

**હોસ્પિટલમાં સારવાર હેઠળ**

ઘટના બાદ ભોગ બનનાર કિશનસિંહ બેભાન જેવા થઈ ગયા હતા. તેમની દીકરી હેતવીબાએ ઘરમાં જઈ માતા ધર્મિષ્ઠાબેનને જાણ કરતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. ૧૦૮ મારફતે કિશનસિંહને રાજકોટ સિવિલ હોસ્પિટલના સર્જરી વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના માથાના ભાગે સાતેક જેટલા ટાંકા આવ્યા છે અને હાલ તેમની સારવાર ચાલી રહી છે.

આ બનાવ સંદર્ભે કિશનસિંહ તલાટીયાની ફરિયાદના આધારે રાજકોટ શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે આરોપી વજુભાઈ દેવશીભાઈ બોળીયા અને દેવશીભાઈ બોળીયા વિરુદ્ધ મારપીટ, જાનથી મારી નાખવાની ધમકી તથા હથિયારબંધીના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી એ.એસ.આઈ. જે.એચ. જાડેજા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.







## મેટોડા GISCમાં ખળભળાટ મચાવતી ઘટનાઃ મૂળ યુપીના વિક્રમ ગૌરને બે કલાકમાં દબોચી લેવાયો

# ૬ વર્ષની બાળકીનું અપહરણ હવસખોર અર્ધનગ્ન ઝડપાયો

### બાળકીને ઉઠાવી ઝાડી ઝાંખરમાં લઈ જઈ બળાત્કાર ગુજારવાનો પ્રયાસ કરતો તો ત્યાંજ પોલીસ પહોંચી ગઈ

રાજકોટ તા. ૨૩

ગ્રામ્ય જિલ્લાના મેટોડા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૬ વર્ષ અને ૮ માસની માસૂમ બાળકીનું અપહરણ કરી તેનું યૌન શોષણ કરવાનો પ્રયાસ કરનાર આરોપીને પોલીસે ગણતરીના ૨ કલાકમાં જ ઝડપી પાડી જેલહવાલે કર્યો છે. આ સંવેદનશીલ બનાવમાં બાળકીને સુખરૂપ બચાવી લેવામાં પોલીસને સફળતા મળી છે.

વિગતો જોઈએ તો તારીખ ૨૨/૦૮ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં મેટોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં રહેતી આશરે ૬ વર્ષ ૮ માસની માસૂમ બાળકી પોતાના ઘર પાસેથી અચાનક ગુમ થઈ ગઈ હતી. પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં બાળકી ન મળતા અંતે તાત્કાલિક '૧૧૨' ડાયલ કરી પોલીસને જાણ કરવામાં આવી હતી. આરોપીએ બાળકીનું અપહરણ કરી ખીરસરા થી મેટોડા તરફ જવાના ડામર પટ્ટી રોડ પર અવાવરૂ ઝાડી-ઝાંખરા વાળા વિસ્તારમાં લઈ જઈ તેના પર ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.







બનાવ અત્યંત સંવેદનશીલ હોવાથી નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય અને પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરએ આરોપીને તાત્કાલિક પકડી પાડવા સૂચના આપી હતી. નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ એમ.જે.પરમારની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટેકનિકલ સોર્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને સીસીટીવી કેમેરા ચકાસતી વખતે ખીરસરા ગામથી મેટોડા જવાના રસ્તા પર એક વ્યક્તિ બાળકી સાથે શંકાસ્પદ હાલતમાં જણાતા પોલીસ ટીમ તુરંત સ્થળ પર પહોંચી હતી. પોલીસે સ્થળ પર પહોંચી બાળકીને સુરક્ષિત બચાવી લીધી હતી અને નરાધમ આરોપીને રંગેહાથ ઝડપી લીધો હતો. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૩૭(૨), ૬૫(૨), ૭૪, ૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૪(એમ), ૬, ૮ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે

આ ગુન્હામાં પકડાયેલ આરોપીનું નામ વિક્રમ સુખદેવ ગૌર (ઉ.વ. ૩૬, રહે. હાલ અંજલીપાર્ક મેટોડા ગેટ નં.૧ તા. લોધિકા, મૂળ ગામઃ પીપરાહરી, થાના પેલાની, જી. બાંડા, (ઉત્તરપ્રદેશ) છે.

સફળ કામગીરી કરનાર પોલીસ ટીમ આ સંવેદનશીલ કામગીરીમાં પો.ઈન્સ એમ.જે.પરમાર સાથે એ.એસ.આઈ મયૂરસિંહ, એ.એસ.આઈ નૌશાદભાઈ, હેડકોન્સ યુવરાજસિંહ અશોકસિંહ, હેડકોન્સ વિરમભાઈ સરમણભાઈ, હેડકોન્સ અજયભાઈ લાલજીભાઈ, હેડકોન્સ કૃપાલભાઈ, હેડકોન્સ હિતેશભાઈ, કોન્સ રઘુભાઈ ટપુભાઈ, કોન્સ શક્તિસિંહ, કોન્સ નીતિનભાઈ, પો. કોન્સ ભગીરથસિંહ, કોન્સ સુભાષભાઈ, કોન્સ મયુરભાઈ અરજણભાઈ, કોન્સ મહાવીરસિંહ દશરથસિંહ, કોન્સ જીતેન્દ્રસિંહ અનોપસિંહ, પો. કોન્સ પારસભાઈ હમીરભાઈ અને વુ.પો.કોન્સ જયશ્રીબેન દિક્ષિતભાઈ સહિતની આખી ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# મનપાના પ્લોટમાં દબાણ

### શાસક પક્ષના જ કોર્પોરેટરના આક્ષેપોથી વહીવટીતંત્રમાં ખળભળાટ

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકાની માલિકીની કિંમતી જમીનો પર ભ્રષ્ટાચાર અને બેદરકારીનું ગ્રહણ લાગ્યું હોય તેમ, મનપાના જ ખાલી પ્લોટમાં ગેરકાયદેસર દબાણો અને અસામાજિક પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. સૌથી વધુ ગંભીર બાબત એ છે કે આ મુદ્દો વિપક્ષે નહીં, પરંતુ શાસક પક્ષ ભાજપના જ જાગ્રત કોર્પોરેટર દ્વારા સત્તાવાર જનરલ બોર્ડની બેઠકમાં ઉઠાવવામાં આવ્યો છે, જેનાથી મનપાના અધિકારીઓની કામગીરી સામે સીધા સવાલો ઊભા થયા છે.

૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલી સીનર્જી હોસ્પિટલ પાસે મનપાના ખાલી પ્લોટમાં અનધિકૃત રીતે દબાણો ઊભા કરી દેવાયા છે, જ્યાં સ્થાનિકોના જણાવ્યા મુજબ ગેરકાયદેસર દારૂનું વેચાણ અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું સામે આવ્યું છે. વોર્ડ નંબર ૨ના ચારેય કોર્પોરેટરોએ સ્થળ તપાસ કરીને આ બાબતે અગાઉ તંત્રના જવાબદાર અધિકારીઓને રજૂઆત કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નહોતી.

જાહેર સંપત્તિનું રક્ષણ કરવાની જવાબદારી મનપાની હોય, આ ગંભીર બાબતે જનરલ બોર્ડમાં શાસક પક્ષના કોર્પોરેટરે જ સ્વપક્ષના વહીવટ સામે અવાજ ઉઠાવતા મામલો ગરમાયો હતો. જેના પગલે મેયર ડો. નેહલ શુક્લે કડક વલણ અપનાવી અધિકારીઓને મનપાના પ્લોટ પરથી તમામ દબાણો તાત્કાલિક હટાવવા અને દોષિતો સામે કાયદાકીય કાર્યવાહી કરવાનો



આદેશ આપ્યો છે. હવે જોવાનું એ રહેશે કે વહીવટીતંત્ર મેયરના આદેશ બાદ સ્થળ પર કેવી અને ક્યારે અસરકારક કાર્યવાહી કરે છે.

શહેરભરમાં ટીપી પ્લોટો અને મનપાના પાર્કિંગ પ્લોટો પર ખુલ્લેઆમ ગેરકાયદેસર કબ્જા જમાવી દેવાયા હોવા છતાં તંત્ર નિંદ્રાધીન મોડમાં હોય તેમ લાગી રહ્યું છે. આ સમગ્ર ઘમાસાણ વચ્ચે ટીપીઓ આર. ડી. પરમારે દાવો કર્યો છે કે, ટીપી પ્લોટમાં થયેલા દબાણો ચોમાસાની સીઝન પૂરી થયા બાદ દૂર કરવામાં આવશે. જોકે, આ દાવો સામે આવતાની સાથે જ તેમણે કોર્ટ કેસનું બહાનું ટીપી વિભાગે ધરી દીધું છે.

### સ્થળ પર રૂબરૂ તપાસ કરતા અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી હતી

મનપાની જગ્યા પર કોઈ પણ જાતની મંજૂરી વગર દબાણ ઊભું કરી દેવામાં આવ્યું છે.સ્થાનિક રહીશોની ફરિયાદો મુજબ, આ ખાલી પ્લોટમાં દેશી-વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સ્થાનિકો અને લોકપ્રતિનિધિઓ દ્વારા અગાઉ પણ તંત્રના જવાબદાર અધિકારીઓને આ અંગે લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી, છતાં તંત્રએ આંખ આડા કાન કરીને કોઈ નક્કર કાર્યવાહી કરી નહોતી.

### વિજિલન્સ તપાસના નામે 'મીંડું'!

મનપાના પ્લોટમાં દબાણો થવા પાછળ વિજિલન્સ વિભાગની ભૂમિકા સામે પણ શંકાની સોય ચીંધાઈ રહી છે. સળગતા મુદ્દાઓ પર 'વિજિલન્સ તપાસ'ના આદેશ આપીને મામલો ટાઢો પાડી દેવાની મનપાની જૂની આદત હોય તેવા પણ આક્ષેપો થઈ રહ્યા છે. વર્તુળોના જણાવ્યા અનુસાર તપાસના નામે માત્ર ફાઈલોની હેરફેર થાય છે અને પરિણામના નામે 'મીંડું' આવે છે. જવાબદારો સામે કડક પગલાં લેવાને બદલે માત્ર તપાસનું નાટક કરીને સમગ્ર મામલો રફેદફે કરવાનો ખેલ ખેલાઈ રહ્યો છે.

### સૌરાષ્ટ્ર પર મેઘરાજની કસોટી : આગાહીઓ એળે ગઈ

# કાળા ડિબાંગ વાદળો છતાં મેઘરાજા રિસાયા

### ચોમાસાને જીવંત રાખતી મુખ્ય લો-પ્રેશર પટ્ટી સૌરાષ્ટ્રથી દૂર ઉત્તર તરફ ખસી જતાં સમગ્ર પ્રદેશમાં વરસાદનું ચક્ર અટકી ગયું : બંગાળની ખાડીનું લો-પ્રેશર મધ્યપ્રદેશ અને દક્ષિણ ગુજરાત સુધી જઈને નબળું પડી જાય છે, જેનાથી સૌરાષ્ટ્ર સુધી પૂરતો વરસાદી જથ્થો પહોંચતો નથી

રાજકોટ, તા. ૨૩

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદની ભારે અછત સર્જાઈ છે. હવામાન વિભાગ દ્વારા અવારનવાર યલ્લો કે ઓરેન્જ એલર્ટ અને વરસાદની આગાહીઓ જાહેર કરવામાં આવી હોવા છતાં, વાદળો વરસ્યા વગર જ વિખેરાઈ જતા ખેડૂતો અને સામાન્ય જનતામાં ભારે નિરાશા વ્યાપી છે.

બંગાળની ખાડીમાં સર્જાતી લો-પ્રેશર અને ડિપ્રેશન સિસ્ટમ મધ્ય ભારત કે ઉત્તર-પશ્ચિમ તરફ ફંટાઈ જાય છે, જેના કારણે મધ્યપ્રદેશ અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડે છે, પરંતુ સૌરાષ્ટ્ર સુધી પહોંચતા આ સિસ્ટમ નબળી પડી જાય છે. અરબી સમુદ્ર પરથી પવનો ફંકાય છે અને આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાય છે, પરંતુ ઉપલા વાતાવરણમાં સાયક્લોનિક સરક્યુલેશન કે યોગ્ય તાપમાનનું સંતુલન ન હોવાથી વાદળોનું ઘનીભવન થઈ શકતું નથી.

ચોમાસાનો અંતિમ તબક્કો બાકી હોઈ, જો ઓગસ્ટના અંતમાં કે સપ્ટેમ્બરના પ્રારંભમાં મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય નહીં થાય તો સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોએ ભારે આર્થિક અને જળ સંકટનો સામનો કરવો પડી શકે છે. હવામાન વિભાગ ગ્લોબલ મેથેમેટિકલ મોડેલ્સ અને સેટેલાઈટ રડારના આધારે મોટા વિસ્તાર માટે આગાહી કરે છે. પરંતુ સ્થાનિક સ્તરે પવનની દિશામાં માઈક્રો-લેવલે થતો ફેરફાર કે તાપમાનમાં અચાનક વધારો થવાથી વાદળો કલાકોમાં ગાયબ થઈ જાય છે. પરિણામે, કાગડોળ રાહે જોવડાવતા વાદળો વરસ્યા વગર જ વિખેરાઈ જાય છે.



### વર્તમાન પરિસ્થિતિ અને અસરો

- **ખેતી પર સંકટ :** સૌરાષ્ટ્રમાં મગફળી, કપાસ, સોયાબીન અને તલનું મોટા પાયે વાવેતર થયું છે. પરંતુ પાકના વિકાસના મહત્ત્વના તબક્કે જ વરસાદ ખેંચાતા પાક બળી જવાની અને નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે.
- **જળાશયોની સ્થિતિ :** રાજકોટના આજી-૧, ન્યારી-૧ સહિત સૌરાષ્ટ્રના ૭૦થી વધુ ડેમોમાં હજુ સુધી તેમની કુલ ક્ષમતાના ૨૫% કરતા પણ ઓછો જળસંચય થયો છે, જેના કારણે આગામી સમયમાં પીવાના અને પિયતના પાણીની સમસ્યા ઊભી થઈ શકે છે.

### વરસાદ ન આવવા મુખ્ય વૈજ્ઞાનિક અને વાતાવરણીય કારણો

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં ચોમાસાની સિઝન અડધી વીતી જવા છતાં વરસાદની તીવ્ર ઘટ નોંધાઈ છે. આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાવા અને હવામાન વિભાગની સિસ્ટમ સક્રિય હોવાની આગાહીઓ છતાં વરસાદ ન પડવા પાછળ કેટલાક જટિલ ભૌગોલિક અને વાતાવરણીય પરિબળો કામ કરી રહ્યા છે.

૧ **મોન્સૂન ટ્રફનું ઉત્તર તરફ ફંટાવું :** ચોમાસામાં વરસાદ લાવવા માટે 'મોન્સૂન ટ્રફ' (ઓછા દબાણની પટ્ટી)નું સ્થાન ખૂબ મહત્ત્વનું હોય છે. જ્યારે આ પટ્ટી પોતાના સામાન્ય સ્થાનથી ઉત્તર તરફ (રેલવે કે હિમાલયની તળેટી તરફ) ખસી જાય છે, ત્યારે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વરસાદની પ્રવૃત્તિઓ સાવ ઠપ થઈ જાય છે અને 'બ્રેક મોન્સૂન'ની સ્થિતિ સર્જાય છે.

૨ **લો-પ્રેશર સિસ્ટમનો બદલાતો ટ્રેક :** બંગાળની ખાડીમાં સર્જાતા લો-પ્રેશર કે ડિપ્રેશન સામાન્ય રીતે મધ્ય ભારત થઈ ગુજરાત તરફ આવતા હોય છે. પરંતુ આ વર્ષે મોટાભાગની સિસ્ટમ્સ ઉત્તર મધ્યપ્રદેશ, રાજસ્થાન કે દક્ષિણ ગુજરાત તરફ ફંટાઈ જાય છે. સિસ્ટમ સૌરાષ્ટ્રથી દૂર રહેતા વાદળો ખેંચાઈ જાય છે પરંતુ સ્થાનિકે ધોધમાર વરસાદ પડી શકતો નથી.

૩ **અરબી સમુદ્રના દક્ષિણ-પશ્ચિમી પવનો અને ઝડપ** : દરિયા પરથી આવતા દક્ષિણ-પશ્ચિમી પવનો ભેજ તો લાવે છે, પરંતુ પવનની ઝડપ વધુ હોવાના કારણે વાદળો સૌરાષ્ટ્રના સમથળ મેદાની ભાગો પર રોકાઈને વરસવાને બદલે આગળ ધકેલાઈ જાય છે.

૪ **વર્ટિકલ વિન્ડ શિયર :** જ્યારે જમીન સપાટી અને વાતાવરણના ઉપલા સ્તરમાં પવનની દિશા અને ગતિમાં મોટો તફાવત હોય છે, ત્યારે તેને વર્ટિકલ વિન્ડ શિયર કહે છે. આ સ્થિતિમાં વાદળોનું ઊભું બંધારણ છિન્ન-ભિન્ન થઈ જાય છે, જેથી વાદળો ઘેરાયા પછી પણ વરસાદી ટીપાંમાં ફેરવાઈ શકતા નથી.